

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 199
Dt.: 01-04-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


# અમદાવાદના સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું PM મોદીએ કર્યું ઉદ્ઘાટન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાણંદ GIDC ખાતે 'કેન્સ સેમિકોન' પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ માઈક્રોન ટૅક્નોલૉજી બાદ આ બીજી એવી પરિયોજના છે જ્યાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ થવા જઈ રહ્યું છે. આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું કહ્યું કે, 'કેન્સ, જે એક ભારતીય કંપની છે, તે વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનનો એક મજબૂત હિસ્સો બની ગઈ છે. આ સુવિધામાં ઉત્પાદન શરૂ થવાની સાથે જ ભારત એક ભરોસાપાત્ર સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે પોતાની ભૂમિકા સાબિત કરી રહ્યું છે.' વૈશ્વિક પડકારો અને ભારતની ભૂમિકા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, 'આ દાયકાએ દુનિયા સામે મહામારી અને સંઘર્ષ જેવા અનેક પડકારો ઊભા કર્યા, જેનાથી વૈશ્વિક સપ્લાય ચેઈનને સૌથી વધુ નુકસાન થયું છે.

આવા સમયે ભારત જેવા લોકતાંત્રિક દેશની આ દિશામાં પ્રગતિ આખી દુનિયાના વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ભારતનું સેમિકન્ડક્ટર મિશન માત્ર એક ઔદ્યોગિક નીતિ નથી, પરંતુ તે ભારતના આત્મવિશ્વાસની ઘોષણા છે.' હાલમાં દેશના છ રાજ્યોમાં ૧.૬૦ લાખ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ પરિયોજનાઓ પર કામ ચાલી રહ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

ભવિષ્યના લક્ષ્યાંકો અને 'સેમિકન્ડક્ટર મિશન ૨.૦' વિશે માહિતી આપતાં તેમણે વધુમાં કહ્યું કે, 'આ વર્ષના બજેટમાં ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ની જાહેરાત કરવામાં આવી છે, જેનો મુખ્ય ભાર સેમિકન્ડક્ટર ઉપકરણો અને સામગ્રીના ઉત્પાદન પર છે. અમારો પ્રયાસ દેશની અંદર એક પૂર્ણ-સ્ટેક સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાનો છે. અમે દેશમાં મહત્ત્વપૂર્ણ ખનિજોનો રાષ્ટ્રીય ભંડાર સુનિશ્ચિત કરવા માંગીએ છીએ. ૨૧મી સદીનું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી બનીને જ આગળ નથી વધી રહ્યું, પરંતુ તેનું નેતૃત્વ કરવાના દૃઢ સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે.'



### ઈરાન યુદ્ધને લઈને IMF વિશ્વને આપી છે ચેતવણી

## યુદ્ધના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સંકટ: મોંઘવારી વધશે, વિકાસ ધીમો પડશે

### ખાસ કરીને હોર્મૂઝ સ્ટ્રેટને લઈને ઉભી થયેલી અનિશ્ચિતતાએ વૈશ્વિક સપ્લાય ચેઈનને જોખમમાં મૂકી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને હવે લગભગ એક મહિનો પૂર્ણ થવા આવ્યો છે. આ દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થા પર તેનો ગંભીર પ્રભાવ જોવા મળી રહ્યો છે. આ સંજોગોમાં IMFએ સમગ્ર વિશ્વને ચેતવણી આપી છે કે આ યુદ્ધના કારણે મોંઘવારી વધી શકે છે અને આર્થિક વિકાસની ગતિ ધીમી પડી શકે છે.

IMFના નિષ્ણાતો અનુસાર, આ સંઘર્ષનો સૌથી મોટો પ્રભાવ ઉર્જા માર્કેટ પર પડી રહ્યો છે. ખાસ કરીને હોર્મૂઝ સ્ટ્રેટને લઈને ઉભી થયેલી અનિશ્ચિતતાએ વૈશ્વિક સપ્લાય ચેઈનને જોખમમાં મૂકી દીધી છે. વિશ્વના લગભગ ૨૫થી ૩૦ ટકા કાચા તેલ અને લગભગ ૨૦ ટકા LNG સપ્લાય માટે આ માર્ગ અત્યંત મહત્વપૂર્ણ છે. આ વિસ્તારમાં તણાવ વધતા કાચા તેલના ભાવ ઝડપથી વધી રહ્યા છે અને બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૧૧૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે.

આર્થિક નિષ્ણાતો ટોબિયાસ એડ્રિયન અને જિહાદ અઝૂરના વિશ્લેષણ મુજબ, આ સંઘર્ષના કારણે ઊર્જા, ખાદ્ય અને નાણાકીય બજારોમાં અસ્થિરતા વધી રહી છે. ખાસ કરીને વિકાસશીલ અને ગરીબ દેશો માટે આ પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની શકે છે. આ દેશો ઊર્જા આયાત પર વધુ નિર્ભર હોવાથી વધતા ભાવ અને સપ્લાયમાં અવરોધ તેમને ગંભીર આર્થિક સંકટમાં મૂકી શકે છે.IMFએ જણાવ્યું છે કે એશિયા અને આફ્રિકાના ઘણા દેશોમાં ઈંધણના વધતા ભાવને કારણે કૃષિ ઉત્પાદન ખર્ચ વધશે, જેના કારણે ખાદ્ય પદાર્થોની કિંમતોમાં વધારો થશે. પરિણામે, સામાન્ય લોકો પર સીધી અસર પડશે અને મોંઘવારી વધુ તેજીથી વધશે.

વિશેષજ્ઞોનું માનવું છે કે જો આ સંઘર્ષ લાંબા સમય સુધી ચાલશે, તો વૈશ્વિક સ્તરે આર્થિક અસ્થિરતા વધશે. મોંઘવારીમાં સતત વધારો થવાથી પગાર અને ખર્ચ વચ્ચે અસંતુલન સર્જાઈ શકે છે, જે અર્થતંત્ર માટે જોખમી સાબિત થઈ શકે છે. આ પરિસ્થિતિમાં ઘણા દેશોને વધારાની નાણાકીય સહાયની જરૂર પડી શકે છે.

તેલ અને ગેસ નિકાસ કરતા દેશો માટે આ પરિસ્થિતિ થોડો ફાયદાકારક બની શકે છે, કારણ કે વધતા ભાવથી તેમની આવકમાં વધારો થઈ શકે છે. પરંતુ મોટાભાગના દેશો માટે આ સ્થિતિ પડકારજનક જ રહેશે.IMFએ સ્પષ્ટ જણાવ્યું છે કે આ સંઘર્ષનો અંતિમ પ્રભાવ તેની અવધિ પર આધાર રાખશે. જો યુદ્ધ ટૂંકા ગાળાનું રહેશે તો નુકસાન મર્યાદિત રહી શકે છે, પરંતુ જો તે લાંબા સમય સુધી ચાલુ રહેશે તો વૈશ્વિક અર્થવ્યવસ્થાને ગંભીર ઝટકો લાગી શકે છે.વૈશ્વિક અર્થતંત્ર માટે આ એક ગંભીર ચેતવણી છે અને ખાસ કરીને નબળી અર્થવ્યવસ્થાઓને સૌથી વધુ નુકસાન થઈ શકે છે.

### નાલંદા જિલ્લામાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા

## બિહારના નાલંદામાં શીતળા માતા મંદિરમાં નાસભાગ

### આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારના નાલંદા જિલ્લામાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ચૈત્ર મહિનાના છેલ્લા મંગળવારે શીતલા માતાના મંદિરે દર્શન કરવા ઉમટેલી ભારે ભીડમાં અચાનક નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હાલમાં પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, ચૈત્ર માસનો છેલ્લો મંગળવાર હોવાથી શીતલા માતાના મંદિરે વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં પોલીસ અને વહીવટીતંત્રનો બંદોબસ્ત નહિવત હોવાનું જાણવા મળ્યું છે. દર્શન કરવાની ઉતાવળમાં કેટલાક શ્રદ્ધાળુઓએ કતાર તોડીને આગળ વધવાનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ગઈ હતી. એકાએક ભીડ બેકાબૂ બનતા લોકો એકબીજા પર પડવા લાગ્યા હતા, જેના પરિણામે આ ભયાનક નાસભાગ સર્જાઈ હતી.

સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ હોનારત પાછળ પોલીસ-પ્રશાસનની ઘોર બેદરકારી જવાબદાર છે. મહત્વની વાત એ છે કે, આ સમયે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પણ નાલંદાની મુલાકાતે છે. તેઓ નાલંદા યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા છે.

જેથી સમગ્ર વહીવટીતંત્રનું ધ્યાન રાષ્ટ્રપતિના કાર્યક્રમ અને સુરક્ષા વ્યવસ્થામાં હોવાને કારણે શીતલા મંદિરે પૂરતો બંદોબસ્ત ફાળવવામાં આવ્યો નહોતો, જે અંતે ઘાતક સાબિત થયો.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તબીબોએ ૮ લોકોને મૃત જાહેર કર્યા છે, જ્યારે અડધો ડઝનથી વધુ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી રહી છે.

### ઈરાનની સંસદમાં હોર્મુઝ અંગે નવો કાયદો પસાર

## ટ્રમ્પે કરેલી ભૂલની સજા હવે આખું વિશ્વ ભોગવશે?

### ઈરાનની સંસદની સુરક્ષા સમિતિએ આ માર્ગ પરથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલવાની યોજનાને લીલી ઝંડી આપી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગ ગણાતા હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાને પોતાનું વર્ચસ્વ જમાવવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. ઈરાનની સંસદની સુરક્ષા સમિતિએ આ માર્ગ પરથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલવાની યોજનાને લીલી ઝંડી આપી દીધી છે. આ હિલચાલને પગલે અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ અત્યંત ગંભીર સપાટીએ પહોંચ્યો છે. ઈરાની સરકારી મીડિયા IRIB ના અહેવાલ મુજબ, આ નવી યોજના હેઠળ હોર્મુઝના માર્ગનો ઉપયોગ કરતા તમામ વ્યાપારી જહાજોએ ટેક્સ ચૂકવવો પડશે. ખાસ વાત એ છે કે આ ટેક્સની ચૂકવણી ઈરાની ચલણ રિયાલમાં કરવાની રહેશે. આ યોજનામાં પર્યાવરણ સુરક્ષા અને સમુદ્રી સુરક્ષાના નિયમો પણ સામેલ કરવામાં આવ્યા છે.આ યોજનામાં અમેરિકા અને ઈઝરાયલના જહાજોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે દેશોએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે, તેમના જહાજોને પણ આ માર્ગનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે નહીં. આ માટે કાયદાકીય માળખું તૈયાર કરવામાં ઈરાન ઓમાનની મદદ લેશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મુદ્દે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાનને ચેતવણી આપતા લખ્યું છે કે, જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીને વ્યાપાર માટે તરત જ નહીં ખોલે, તો અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ્સ, તેલના કુવાઓ અને ખાર્ગ ટાપુ પર બોમ્બમારો કરીને તેને સંપૂર્ણપણે નષ્ટ કરી દેશે. બીજી તરફ, અમેરિકન નાણામંત્રી સ્કોટ બેસેન્ટે જણાવ્યું છે કે, અમેરિકા ટૂંક સમયમાં જ હોર્મુઝ પર ફરીથી પોતાનું નિયંત્રણ મેળવશે અને જહાજોની અવરજવર માટે સંપૂર્ણ સ્વતંત્રતા સુનિશ્ચિત કરશે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો મોટો હિસ્સો આ માર્ગેથી પસાર થાય છે, તેથી જો આ રસ્તો બંધ થશે તો વૈશ્વિક અર્થતંત્રમાં મોટી ઉથલપાથલ સર્જાઈ શકે છે.

### સીઝફાયરની આશા પર પાણી?

## ઈરાન પર બંકર બસ્ટર બોમ્બથી ભીષણ હુમલો

### પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળોને વધુ ઘેરા બનાવ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં આ સંઘર્ષ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા આ ભીષણ યુદ્ધમાં જ્યાં દુનિયા શાંતિની આશા રાખી રહી હતી, ત્યાં આ તાજેતરના હુમલાએ સીઝફાયરની તમામ શક્યતાઓ પર પાણી ફેરવી દીધું હોય તેમ લાગે છે. ઈરાન પર બંકર બસ્ટર બોમ્બથી કરવામાં આવેલા આ પ્રચંડ હુમલા અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અમેરિકા અત્યારે નરમ પડવાના મૂડમાં નથી. ઈસ્ફહાનમાં લાગેલી આ આગ માત્ર સૈન્ય ઠેકાણાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તે બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ વણસાવી રહી છે. ટ્રમ્પની આ આક્રમક વ્યૂહનીતિ અને પરમાણુ મથકોને નિશાન બનાવવાની આ કાર્યવાહીએ હવે પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળોને વધુ ઘેરા બનાવ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં આ સંઘર્ષ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે. 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ કરવામાં આવેલા આ હુમલામાં અમેરિકાએ તેના શક્તિશાળી B૨ બંકર બસ્ટર બોમ્બનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલ છે. ટ્રમ્પે અગાઉ જ ચેતવણી આપી હતી કે જો ઈરાન વહેલી તકે સમજૂતી નહીં કરે તો તેના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જડબાતોડ જવાબ આપીને નેસ્તનાબૂદ કરી દેવામાં આવશે. ઈસ્ફહાન શહેર, જે આશરે ૨.૩ મિલિયનની વસ્તી ધરાવે છે અને જ્યાં બદ્ર મિલિટરી એરબેઝ આવેલું છે, ત્યાં રાત્રિના સમયે થયેલા પ્રચંડ વિસ્ફોટોથી આખું આકાશ ગુંજી ઉઠ્યું હતું.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, અમેરિકન દળોએ ઈસ્ફહાનમાં આવેલા દારૂગોળાના મોટા ડેપો પર ૨,૦૦૦ પાઉન્ડના બંકર-બસ્ટર બોમ્બ વડે હુમલો કર્યો છે. ઈસ્ફહાન શહેર ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા સમૃદ્ધ યુરેનિયમનો સંગ્રહ કરવા માટે જાણીતું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ઉનાળામાં 'ઓપરેશન મિડનાઈટ હેમર' હેઠળ પણ અમેરિકાએ આ શહેરના પરમાણુ મથકોને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં વપરાયેલા ᗷ૨ બોમ્બર વિમાનો વિશ્વના સૌથી અદ્યતન વિમાનોમાંના એક છે, જે જમીનની ઊંડે ઉતરીને વિસ્ફોટ કરવાની ક્ષમતા ધરાવતા GB-૫૭ બંકર-બસ્ટર બોમ્બ લઈ જવા માટે સક્ષમ છે.

B2 બોમ્બર તેની અદ્યતન ડિઝાઈન અને ખાસ મટીરિયલને લીધે રડારની નજરમાં આવતું નથી, જે તેની સૌથી મોટી ખાસિયત છે. આ વિશેષતાને કારણે તે કોઈપણ દેશની સુરક્ષા વ્યવસ્થાને તોડીને જમીનની અંદર ખૂબ જ ઊંડે આવેલા પરમાણુ મથકો અને કમાન્ડ સેન્ટરોને ધ્વસ્ત કરી શકે છે.

વિશ્વભરમાં માત્ર આ એક જ એવું વિમાન છે જે અત્યંત શક્તિશાળી GBU-૫૭ બોમ્બ ફેંકવાની ક્ષમતા ધરાવે છે. ગયા વર્ષે જૂનમાં હાથ ધરાયેલા 'ઓપરેશન મિડનાઈટ હેમર' વખતે સાત ᗷ૨ બોમ્બરોએ ઈરાનના ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન જેવા સંવેદનશીલ પરમાણુ સ્થળો પર કુલ ૧૪ બોમ્બ વરસાવ્યા હતા. આ સૈન્ય કાર્યવાહી દ્વારા અમેરિકાએ દુનિયાને બતાવી દીધું કે ગમે તેટલી ઊંડાઈએ છુપાયેલા દુશ્મનના ઠેકાણાઓને પણ તે પળવારમાં નેસ્તનાબૂદ કરવાની તાકાત રાખે છે.

## ઓડિશામાં ખેડૂત નેતા રાકેશ ટિકૈતની ધરપકડ બાદ UPમાં માહોલ ગરમ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓડિશા

જેમ જ તેમની ધરપકડના સમાચાર ફેલાયા, ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા અને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું. ખાસ કરીને લખનૌથી લઈને મુરાદાબાદ સુધી મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા અને સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા. ખેડૂતોનો આરોપ છે કે રાકેશ ટિકૈતની ધરપકડ ગેરકાયદેસર રીતે કરવામાં આવી છે અને આ ખેડૂતોની અવાજને દબાવવાનો પ્રયાસ છે. અનેક સ્થળોએ ખેડૂતો દ્વારા રોડ જામ કરવામાં આવ્યો, જેના કારણે વાહનવ્યવહાર પર અસર પડી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે પોલીસ અને પ્રશાસને વધારાની ફોર્સ તહેનાત કરી છે.માહિતી અનુસાર ઓડિશામાં એક કાર્યક્રમ દરમિયાન રાકેશ ટિકૈતને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, ત્યારબાદ આ મુદ્દો ઝડપથી ફેલાયો. ખેડૂત સંગઠનો આ ઘટનાને લોકશાહી અધિકારોનું ઉલ્લંઘન ગણાવી રહ્યા છે અને તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શનમાં અનેક ખેડૂત સંગઠનો જોડાયા છે અને ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય, તો આંદોલનને વધુ તેજ કરવામાં આવશે. કેટલીક જગ્યાએ પોલીસ અને ખેડૂતો વચ્ચે હલકી અથડામણના સમાચાર પણ સામે આવ્યા છે, જોકે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું કહેવામાં આવે છે.




# તંત્રી લેખ......

## લાલ આતંકનો સંપૂર્ણ અંત

મોદી સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશને માઓવાદથી મુક્ત કરવાનું વચન આપ્યું હતું. આ તારીખ આજે ઈતિહાસ બનવા જઈ રહી છે, કારણ કે બધા સંકેતો દર્શાવે છે કે મોદી સરકારે લગભગ આ વચન પૂર્ણ કર્યું છે. લગભગ કારણ કે કોઈ સમસ્યા એ અંકગણિત પ્રશ્ન નથી જેનો ઉકેલ લાવી શકાય છે અને અંતિમ જવાબ શોધી શકાય છે. સરકારી તંત્ર જેને માઓવાદના રૂપમાં ડાબેરી ઉગ્રવાદ કહી રહ્યું છે તે વાસ્તવમાં એક એવી વિચારધારાથી પ્રેરિત છે જે માને છે કે સત્તાનો માર્ગ ગનપાઉડર દ્વારા જ રહેલો છે.

થોડા વર્ષો પહેલા સુધી, માઓવાદી હિંસાનો આતંક એટલો હતો કે સરકારો તેની સામે લાચાર દેખાતી હતી. દિવસે દિવસે રેલ્વે ટ્રેક ઉડાડવા, ઝીરન ખીણમાં સમગ્ર છત્તીસગઢ કોંગ્રેસ નેતૃત્વનો નાશ કરવો અને બસ્તરમાં ૭૨ સીઆરપીએફ કર્મચારીઓની હત્યા કોઈ સામાન્ય ઘટનાઓ નહોતી. તે સમયગાળા દરમિયાન, લાલ આતંકે દેશના લગભગ એક તૃતીયાંશ જિલ્લાઓને અસર કરી હતી. પરિણામે, આ જિલ્લાઓને સામાન્ય રીતે વહીવટી ભાષામાં લાલ કોરિડોર તરીકે ઓળખવામાં આવતા હતા. આંધ્રપ્રદેશના તિરુપતિથી નેપાળના પશુપતિ સુધીનો વિસ્તાર પ્રતીકાત્મક રીતે પણ સીમાંકિત કરવામાં આવ્યો હતો.જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશને માઓવાદથી મુક્ત કરવા માટે માર્ચ ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરી હતી, ત્યારે શંકાઓ ઉભી થઈ હતી. જો કે, કેન્દ્ર સરકારની મજબૂત ઈચ્છાશક્તિ અને શૂન્ય-સહિષ્ણુતા નીતિના પરિણામો બધા માટે સ્પષ્ટ છે. આ સફળતામાં રાજ્યોના સહયોગ અને સંકલનને અવગણી શકાય નહીં. કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે ગુપ્ત માહિતીની આપ-લે ઉપરાંત, વિવિધ મોરચે સહકારથી સુરક્ષા દળોને સશક્ત બનાવવામાં આવ્યા છે. આનાથી તેઓ માઓવાદીઓ વિશે સચોટ માહિતી મેળવી શક્યા અને તેમને સફળતાપૂર્વક નિશાન બનાવી શક્યા. આ કાર્યવાહીથી ભયભીત માઓવાદી નેતૃત્વને શરણાગતિ સ્વીકારવા માટે પ્રેરિત કરવામાં આવ્યું એટલું જ નહીં, પરંતુ નવી ભરતીને પણ નિરુત્સાહિત કરવામાં આવી. મુખ્ય પ્રવાહમાં પાછા ફર્યા પછી માઓવાદીઓના પુનર્વસન માટે અનુકૂળ નીતિઓ પણ વિકસાવવામાં આવી. પુનર્વસન યોજનાઓમાંથી ભવિષ્યની ખાતરીની ભાવનાએ પણ માઓવાદીઓના મોટા પાયે શરણાગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભાજપે તેના ૨૦૧૪ ના ચૂંટણી ઢંઢેરામાં માઓવાદને નાબૂદ કરવાનું વચન આપ્યું હતું. સત્તા સંભાળ્યા પછી આ દિશામાં પ્રયાસો શરૂ થયા હતા, પરંતુ અમિત શાહ ગૃહમંત્રી બન્યા પછી તેમને નિર્ણાયક ગતિ મળી. પરિણામે, ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૨૦૧૪ માં ૧૨૬ થી ઘટીને ૨૦૨૫ માં ફક્ત ૧૧ થઈ ગઈ. એક દાયકા પહેલા, માઓવાદથી "સૌથી વધુ પ્રભાવિત" જિલ્લાઓની સંખ્યા ૩૬ થી ઘટીને હવે ફક્ત ત્રણ થઈ ગઈ છે. ૨૦૦૪-૧૪ ની સરખામણીમાં, ૨૦૧૪-૨૪ દરમિયાન માઓવાદી હિંસાના કેસોમાં આશરે ૫૩ ટકાનો ઘટાડો થયો. આ સમયગાળા દરમિયાન, સુરક્ષા કર્મચારીઓના મૃત્યુમાં પણ આશરે ૭૩ ટકાનો ઘટાડો થયો અને નાગરિકોના મૃત્યુમાં પણ આશરે ૭૦ ટકાનો ઘટાડો થયો. ફક્ત ૨૦૨૪-૨૫માં, આશરે ૨,૯૦૦ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું, જ્યારે સુરક્ષા દળોએ ૧,૯૦૦ થી વધુ માઓવાદીઓની ધરપકડ કરી. તે જ વર્ષે સુરક્ષા કાર્યવાહીમાં ૬૦૦ થી વધુ માઓવાદીઓ માર્યા ગયા. સુરક્ષા દળોએ ૨૮ ટોચના, ભયાનક માઓવાદી નેતાઓને પણ મારી નાખ્યા. આમાં સીપીઆઈ-માઓવાદી મહાસચિવ નમ્બાલા કેશવ રાવ ઉર્ફે બસવરાજુ, સેન્ટ્રલ કમિટી સભ્ય પતિરામ માંઝી અને ગણેશ ઉઈકે જેવા વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે.

એવું માનવામાં આવે છે કે માઓવાદી કમાન્ડરોની હત્યાથી કેડરનું મનોબળ તૂટી ગયું. વૈચારિક વલણના સમર્થકો, જેઓ એક સમયે લાલ ધ્વજ હેઠળ માઓવાદી શાસન સ્થાપિત કરવાની આશા રાખતા હતા, તેઓ શરણાગતિને શ્રેષ્ઠ વિકલ્પ તરીકે જોવા લાગ્યા. સુરક્ષા દળો દ્વારા માઓવાદી કમાન્ડ નેટવર્કના ભંગાણ પછી, નવી ભરતીઓ બંધ થઈ ગઈ, અને સક્રિય માઓવાદીઓએ શરણાગતિ સ્વીકારી. અનેક રાજ્યોમાં માઓવાદી નેટવર્કનો સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો હતો.

# ભાજપના પાપ ની પોથી તોહમતનામું જાહેર કરતી કોંગ્રેસ : રાજકોટ માં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ યોજી કોર્પોરેશનમાં ભાજપના શાસનમાં થયેલા ૧૫ મોટા ભ્રષ્ટાચાર જાહેર કર્યા હતા.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ દ્વારા આજે ભાજપના પાપ ની પોથી તોહમતનામુ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર અને કુશાસનના અનેક ગંભીર મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા. મુખ્ય મુદ્દાઓ પર નજર કરવામાં આવે તો ટીઆરપી ગેમઝોન દુર્ઘટના મહાનગરપાલિકાની બેદરકારીનો જીવલેણ કિસ્સો, મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર, બેદરકારી અને નિયમોની અવગણનાનુ સૌથી મોટુ ઉદાહરણ છે. ભાજપના કોર્પોરેટરો વિરૂધ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપ છતાં કોઈ કાર્યવાહી નહી, ભાજપના ઘણા કોર્પોરેટરો વિરૂધ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો હોવા છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. જે ભાજપ અને ભ્રષ્ટાચાર વચ્ચેના ગાઢ સંબંધને દર્શાવે છે. ગેરકાયદેસર બાંધકામ સામે ડબલ સ્ટાન્ડર્ડ, સત્તાધીશો માટે અલગ નિયમ અને સામાન્ય નાગરીકો માટે અલગ વલણ અપનાવવામાં આવી રહ્યુ છે, રોડ રસ્તાના કામોમાં ભારે ગેરરીતી અને નબળી ગુણવત્તા, રોડ રસ્તાના નિર્માણમાં ભાજપનો ભ્રષ્ટાચાર સોળે કળાએ ખીલેલો જોવા મળે છે.

રાજકોટમાં રસ્તા ઓછા અને તેમાં ખાડા વધારે છે, જનતાના પૈસે બનતા રોડ એક વરસાદનો માર પણ જીલી શકતા નથી, શહેરમાં ગંદકીનો ગંભીર પ્રશ્ન, શહેરમાં ગંદકીનો પ્રશ્ન વરસોથી યથાવત છે, છતાં કોઈ અસરકારક પગલા લેવામાં આવ્યા નથી, ઠેર ઠેર પ્રસરેલી ગંદકી ભાજપની બ્રાન્ડ એમ્બેસેડર છે. દરેક કામ માટે કમિશન પ્રથા વ્યાપક, દરેક નાના મોટા કામ માટે કમિશન આપવાની ફરજ પડે છે, કોઈપણ કામ કમિશન વગર મહાનગરપાલિકામાં પત્તુ પણ હલતુ નથી, ટીપરવાન યોજનામાં આશરે ૧૧૦૦ કરોડ નો કોન્ટ્રાકટ કરોડોનો ભ્રષ્ટાચાર, ટીપરવાન યોજનામાં ૧૧૦૦ કરોડના કોન્ટ્રાકટ માં કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનના બંગલામાં ગેરકાયદેસર બાંધકામ, સત્તાનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યુ હોય તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, સરકારી જમીન પર મેયર નો ગેરકાયદેસર બંગલો, સરકારી જમીન પર સત્તાનો ઉપયોગ કરીને બંગલો ઉભો કરાયો છે. સમગ્ર રાજકોટની જનતા જાણે છે છતાં કોઈ કાર્યવાહી આજદીન સુધી કરવામાં આવી નથી. સીટી બસ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર, મહાનગરપાલિકા દ્વારા સંચાલીત સીટી બસ વ્યવસ્થામાં ગેરરીતી અને ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ ચાલે છે, પાણી અને ડ્રેનેજ પ્રોજેકટમાં ગેરરીતી, પાણી અને ડ્રેનેજ પ્રોજેકટમાં ખામી અને ગેરરીતીને કારણે નાગરીકોને ભારે હાલાકી ભોગવવી પડે છે, ફાયર સેફટી પરવાનાઓમાં ગેરવહિવટ, ફાયર સેફટી પરવાનાઓમાં ગંભીર ગેરવહિવટ અને બેદરકારીના મુદ્દાઓ પણ રજુ કરવામાં આવ્યા હતા, શૈક્ષણિક સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અને ગેરવહિવટ ચાલી રહ્યો છે. મહાનગરપાલિકા સંચાલીત શાળાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સાધનોની ખરીદી, બિલ્ડીંગ મેન્ટેનન્સ, સ્ટાફ ભરતી અને વિવિધ યોજનાઓના અમલીકરણમાં ભારે ગેરરીતી અને ભ્રષ્ટાચારના આક્ષેપો બહાર આવ્યા છે.

વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવતા શિક્ષણ ક્ષેત્રમાં પણ કમિશનખોરી અને બેદરકારીને કારણે ગુણવત્તાયુકત શિક્ષણ અને જરૂરી સુવિધાઓથી વિદ્યાર્થીઓ વંચિત રહયા છે. શાળાઓમાં મુળભુત સુવિધાઓ, સફાઈ, પીવાનુ પાણી, સ્માર્ટ કલાસ અને મરામતના કામોમાં પણ ભ્રષ્ટાચારના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ જોવા મળે છે. આરોગ્ય શાખામાં દવાઓ, સફાઈ અને કોન્ટ્રાકટમાં ભ્રષ્ટાચાર, જનતાના આરોગ્ય સાથે સીધો સંબંધ ધરાવતા વિભાગમાં પણ કમિશનખોરી અને ભ્રષ્ટાચારને કારણે નાગરીકોને યોગ્ય આરોગ્ય સેવાઓ મળતી નથી, ડેન્ગ્યુ, મેલેરીયા અને ચોમાસામાં ફેલાતી બિમારીઓ સામે પુરતી કામગીરી થતી નથી જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. ૧૪ મુદ્દાનુ તોહમતનામુ જાહેર કરાયુ હતું.

### હવે સુરતના કારખાના માત્ર એક જ પાળીમાં ધમધમશે : લાખો લુમ્સ મશીનો પર લાગશે બ્રેક

# સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગમાં સંકટના એંધાણ: વૈશ્વિક યુદ્ધની સ્થિતિને પગલે વિવર્સ એસોસીએશનનો મોટો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી યુદ્ધ ની સ્થિતિ અને તેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં સર્જાયેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને સુરતના વિવિગ ઉદ્યોગે સાવચેતીના પગલા ભરવાનુ શરૂ કર્યુ છે. સુરત ના ટેક્ષટાઈલ સેકટર ના હીતમાં ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસોસીએશન ની આગેવાનીમાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ સભામાં શહેરના વિવિધ વિવર્સ એસોસીએશનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ઉદ્યોગ સાહસીકો હાજર રહ્યા હતા. વર્તમાન કટોકટીના સમયમાં ઉદ્યોગને આર્થિક નુકશાનથી બચાવવા અને કાપડના ઉત્પાદન ને મર્યાદીત કરવા અંગે ગહન, ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મહત્વની સભામાં ઉપસ્થિત તમામ ઉદ્યોગ અગ્રણીઓએ સંયુકત રીતે એક ઐતિહાસિક નિર્ણય લીધો હતો. જે મુજબ હવેથી સુરતની વિવિગ




ઈન્ડસ્ટ્રીઝને દિવસની માત્ર એક જ પાળીમાં ચલાવવામાં આવશે. સામાન્ય રીતે ૨૪ કલાક ધમધમતા એકમોમાં ઉત્પાદનનો વેગ ઘટાડવા માટે આ વ્યુહાત્મક પગલુ ભરવામાં આવ્યુ છે. આ ઉપરાંત અઠવાડીયામાં એક દિવસ ઉદ્યોગ સંપૂર્ણપણે બંધ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે. આ પ્રકારના નિયંત્રણો લાદવા પાછળનો મુખ્ય ઉદેશ બજારમાં કાપડનો ભરાવો થતો અટકાવવાનો અને માગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવાનો છે. વિવર્સ એસોસીએશન દ્વારા લેવાયેલા આ કડક નિર્ણયોની સીધી અસર લાખો કામદારો પર ન પડે તે બાબતનુ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા કારીગરોની રોજગારી છીનવાય નહી અને તેમની સમક્ષ આર્થિક પ્રશ્ન ન ઉદભવે તે રીતે આયોજન કરવામાં આવ્યુ છે. કામના કલાકોમાં ઘટાડો કરવા છતાં કારીગરોને સતત કામ મળી રહે તે માટે એસોસીએશને માનવીય અભિગમ અપનાવ્યો છે. ઉદ્યોગ સાહસીકોએ સ્પષ્ટ કહ્યુ છે કે આર્થિક મંદી કે વૈશ્વિક સંકટના સમયે પણ કારીગરોનુ હીત સર્વોપરી રહેશે અને કોઈપણ મજુર બેરોજગાર ન બને તે મુજબ કામગીરી ચલાવવામાં આવશે. સુરત દેશનુ સૌથી મોટુ આર્ટીફીશીયલ સિલ્ક હબ ગણાય છે અને અહીંથી મોટાપાયે કાપડની નિકાસ પણ થાય છે, જો કે વૈશ્વિક યુદ્ધની સ્થિતિને લીધે નિકાસ અને પેમેન્ટ સાયકલ પર માઠી અસર પડી રહી છે. આવી સ્થિતિમાં ફોગવા ના નેજા હેઠળ લેવાયેલા આ નિર્ણયો ઉદ્યોગને લાંબા ગાળે સુરક્ષિત રાખવા માટે અનિવાર્ય મનાઈ રહ્યા છે. તમામ સભ્યોએ આ નવા નિયમોનુ પાલન કરવાની સંમતિ દર્શાવી છે. જેથી કાપડ બજારમાં અરાજકતા ન ફેલાય, આગામી દિવસોમાં વૈશ્વિક પરીસ્થિતિની સમિક્ષા કર્યા બાદ વધુ નિર્ણયો લેવામાં આવશે. પરંતુ હાલ પુરતુ સુરતનો વિવિગ ઉદ્યોગ સાવચેતીપૂર્વક આગળ વધવાની રણનીતી પર મકકમ છે.

# દેશમાં લાઈટ પોલ્યુશનના કારણે આકાશદર્શન ઝાંખું થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજથી વર્ષો પહેલાં કુદરતના ખોળે જેમણે બાળપણ માણ્યું છે તેવાં હવે મોટેરાં થઈ ચૂકેલાં બાળકોને 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહીં તોય મારા આભલામાં માય..બોલો શું .'એ ઉખાણાંની પંક્તિ યાદ હશે. આ ઉખાણાનો જવાબ હતો આકાશના તારા. રોજ રાતે આકાશમાં ઝળહળતા અસંખ્ય તારા જોઈ બાળકો મુગ્ધ બની જતા હતા. પરંતુ, હવે તાજેતરનાં વર્ષોમાં કહેવાતા વિકાસ, આધુનિકીકરણ તથા ગામડાંઓના પણ ઝડપભેર થઈ રહેલાં શહેરીકરણના કારણે સમગ્ર ભારતનું આકાશ ઝાંખું થઈ રહ્યું છે. આકાશ તો ત્યાંનું ત્યાં જ છે, તેમાં નહિ સમાતા પેલા તારાઓ પણ ત્યાંના ત્યાં છે પરંતુ ધરતી પરથી તેની દ્રશ્યગોચરતા ઘટી ગઈ છે અને આજથી થોડા દાયકા પહેલાં આપણને રાતે જેટલા તારા દેખાતા હતા તેટલા હવે નથી દેખાતા અને હવે રાત્રિનું આકાશ ઉત્તરોત્તર ધૂંધળું થઈ રહ્યું હોવાથી અંતરિયાળ ગામો તથા વનવગડામાં પણ આગામી વર્ષોમાં અત્યારે દેખાય છે તેટલા તારા પણ નહીં દેખાય. મુંબઈના તાતા ઈન્સ્ટિટયૂટ ઓફ ફન્ડામેન્ટલર રિસર્ચના પ્રોફેસર અનિકેત સૂળેએ પોતાનો સ્વાનુભવ વર્ણવતાં કહ્યું હતું કે ૯૦ના દાયકામાં તેઓ મુંબઈથી દૂર વાંગણી ગામમાં રહેતા હતા તેમને આકાશમાં તારા તો ઠીક પણ દૂધગંગા તરીકે ઓળખાતી આપણી આકાશ ગંગાનો તેજલિસોટો પણ સ્પષ્ટ દેખાતો હતો. કમનસીબે હવે વાંગણીમાં પણ એવી આકાશગંગા દેખાતી નથી. ખગોળ શામાં રાત્રિના આકાશની તેજસ્વીતાને માપવા માટે બોર્ટલ સ્કેલનો ઉપયોગ થાય છે. આ સ્કેલ અમેરિકી વિજ્ઞાની જોન બોર્ટલએ ૨૦૦૧માં તૈયાર કર્યો હતો. આ સ્કેલમાં એકનો આંકં હોય એટલે પૃથ્વીની એવી સૌથી અંધારી જગ્યા જ્યાંથી રાત્રિનું આકાશ એટલું ચોખ્ખું દેખાય કે આકાશગંગાની પણ છાયા વર્તાતી હોય બીજી તરફ આ સ્કેલનો નવનો આંક એટલે સૌથી ધૂંધળું આકાશ. અહીં રાતના મોટાભાગના તારા સુસ્પષ્ટ જોઈ શકાતા નથી. કમનસીબે ભારતનાં મોટાભાગનાં શહેરોમાં આ સ્કેલ હાલ નવનો છે. આ શહેરમાં આકાશમાં કેસરી રંગની ઝાંય દેખાયા કરે છે. જેની પાછળ મોટાભાગના તારા ઢંકાયેલા રહે છે. ભારતમાં એકમાત્ર લદ્દાખનું હાનલે એવું સ્થળ છે જ્યાં આ સ્કેલ એકનો છે. દિલ્હીમાં આ સ્કેલ નવનો છે જ્યારે મુંબઈમાં આઠનો છે. આ જ કારણસર લદ્દાખ સરકારે ડિસેમ્બર ૨૦૨૧માં હાનલેને ભારતનું ડાર્ક સ્કાય રિઝર્વ જાહેર કર્યું છે. એ પછી ૨૦૨૪ની ૧૧મી જાન્યુઆરીએ મહારાષ્ટ્રનાં પેંચ ટાઈગર રિઝર્વને પણ ભારતનાં ડાર્ક સ્કાય પાર્ક તરીકે માન્યતા અપાઈ છે. તમિલનાડુમાં પણ એક ડાર્ક સ્કાય સાઈટ શરૂ કરવામાં આવી છે. પરંતુ, આ બધું સરી જતી રેતીને પકડવાના પ્રયાસો જેવું છે. એ હકીકત છે કે ભારતનું મોટાભાગનું આકાશ લાઈટ પોલ્યુશનના કારણે ધૂંધળું થઈ ગયું છે. હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિકાસ પહોંચતાં રાત્રિના સ્ટ્રીટ લાઈટ્સ ઝળાંહળાં રહેતી હોય છે. આ ઉપરાંત હાઈવે પરની લાઈટ્સ, વિવિધ ઈન્ળા પ્રોજેક્ટસની લાઈટ્સ વગેરે લાઈટ પોલ્યુશનમાં ઉમેરો કરે છે. મુંબઈ, દિલ્હી જેવાં શહેરોમાં હવે સ્ટાર ગેઝિંગ ટ્રીપ્સ ગોઠવાય છે જેમાં શહેરીજનો હોંશે હોંશે તારા નિહાળવા ટૂર પર જાય છે. કોઈ ધૂમકેતુ કે અન્ય ખગોળીય પદાર્થ દેખાવાનો હોય ત્યારે શહેરથી દૂરના વિસ્તારમાં આવી ટૂર ગોઠવાય છે. આમ તારા જોવા જે એક સાહજિક, નૈસગક પ્રકૃત્તિ દત્ત અહેસાસ હતો તે હવે સુદૂર ટૂરિઝમનો વિષય બની ગયો છે.

### ‘ભોલેબાબા પાર કરેગા’ની શૂટિંગ દરમિયાન દુર્ઘટના

# બંગાળી ફિલ્મના સ્ટાર અભિનેતાનું દરિયામાં ડુબી જવાથી કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બંગાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક અત્યંત આઘાતજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જાણીતા અભિનેતા રાહુલ અરુણોદય બેનર્જીનું નિધન થયું છે. અહેવાલો અનુસાર, એક સિરિયલના શૂટિંગ દરમિયાન દીઘા ખાતે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ સમાચારથી માત્ર તેમના પરિવારજનો જ નહીં, પરંતુ સમગ્ર ટોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર પ્રસરી ગઈ છે.રાહુલ બેનર્જી હાલમાં લોકપ્રિય સિરિયલ ‘ભોલે બાબા પાર કરેગા’માં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા હતા.

આ સિરિયલના શૂટિંગ માટે આખી યુનિટ દીઘા પાસે આવેલા તલસારી પહોંચી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે શૂટિંગ પૂર્ણ થયા બાદ રાહુલ સિરિયલની મુખ્ય અભિનેત્રી સાથે દરિયાકિનારે ટહેલવા અને પાણીની મજા માણવા ગયા હતા. આ દરમિયાન તેઓ અચાનક દરિયાના મોજાની લપેટમાં આવી ગયા અને ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. ત્યાં હાજર ટેકનિશિયનોએ તેમને ડૂબતા જોઈ તાત્કાલિક બચાવવા માટે દોડી ગયા હતા અને તેમને કોઈક રીતે બહાર કાઢ્યા હતા.ફેડરેશન વતી દિગંત બાગચીએ આ દર્દનાક ઘટનાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે જ્યારે રાહુલને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેમના શ્વાસ ચાલી રહ્યા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું. જોકે, મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી કે તેમનું મોત ડૂબવાને કારણે થયું છે કે પછી અચાનક હાર્ટ અટેક આવવાને કારણે. પૂર્વ મેદનીપુર જિલ્લા પોલીસ અને એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ આતિશ બિસ્વાસે જણાવ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ મોત ડૂબવાને કારણે થયું હોય તેમ લાગે છે, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે. કાયદાકીય પ્રક્રિયા અને ઓટોપ્સી બાદ તેમનો પાર્થિવ દેહ પરિવારને સોંપવામાં આવશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ અભિનેતાના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, ‘મને સમજાતું નથી કે આ બધું કેવી રીતે બની ગયું? તે મારા મનપસંદ કલાકારોમાંના એક અને ખૂબ જ સારા માણસ હતા.’રાહુલ અરુણોદય બેનર્જી ટોલિવૂડનો જાણીતો ચહેરો હતા. તેમણે કરિયરની શરૂઆત થિયેટરથી કરી હતી અને ઝી બાંગ્લાના પોપ્યુલર પ્રોગ્રામ ‘ખેલ’માં આદિત્યનું પાત્ર ભજવીને લોકપ્રિયતા મેળવી હતી.

### આ ઉદ્યોગ સાહસિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણઃ આનંદ મહિન્દ્રા

# રાજસ્થાનમાં વર્ષે ત્રણ વખત પાકે તેવી ‘સદાબહાર’ કેરીનું ઉત્પાદન

### ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ વર્ષભર મળી રહે તેવી ‘સદાબહાર’ કેરીના પ્રયોગો કરનાર ખેડૂતને મદદની તૈયારી બતાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ સોશિયલ મીડિયામાં એક ખેડૂતના પ્રયોગોની પ્રશંસા કરતા લખ્યું હતું કે એક એવી વ્યાપક માન્યતા છે કે જેમ જેમ ઉદ્યોગોનો વિકાસ થાય છે તેમ તેમ ખેતીનું મહત્ત્વ ઘટી જાય છે, પરંતુ ખરેખર એવું નથી. જો ખરેખર યોગ્ય ઢબે પ્રયોગો કરવામાં આવે તો ખેતીમાંથી પણ ઉદ્યોગ સાહસિકતાનો જન્મ થાય છે. કોટાની બાજુના ગામના એક ખેડૂત તેનું ઉદાહરણ છે.આનંદ મહિન્દ્રાએ ખેડૂતની સ્ટોરી શેર કરતા લખ્યું હતું કે શ્રી કિશન સુમન નામના ખેડૂતે ઘઉં, ચોખાની ખેતીની સાથે એક ઓછા ફાઈબર ધરાવતી કેરીની જાતને ઉછેરી હતી. સદાબહાર નામની આ કેરીની જાત વર્ષમાં ત્રણ વખત પાકે છે. આ આંબામાં જાન્યુઆરીથી ફેબ્રુઆરી, જૂન-જુલાઈ અને સપ્ટેમ્બર-ઓક્ટોબર એમ વર્ષમાં ત્રણ સીઝન કેરી પાકે છે. તેના કારણે આખું વર્ષ કેરીની સીઝન રહે છે. આ ખેડૂતે લગભગ એક દશકાના પ્રયાગો પછી બારમાસી કેરીની જાત વિકસાવી છે. આલ્ફાન્ઝો જેવો તેનો સ્વાદ છે અને તેમાં ફાઈબરનું પ્રમાણ પણ ઘણું ઓછું છે. હવે આ પ્રકારના આંબાં ખાનગી બાગથી લઈને રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચ્યા છે.

અલગ અલગ વાતાવરણ અને પ્રદેશમાં કેરી પર શું અસર થાય છે તેના પર સંશોધકો પ્રયોગો કરી રહ્યા છે.ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ આ ખેડૂતને સદાબહાર જાતની કેરીનું વધુ ઉત્પાદન કરવા અને દેશમાં આખું વર્ષ કેરીની સીઝન રહે તે માટે પ્રોત્સાહન આપતા કહ્યું કે જો આ ખેડૂત ઈચ્છે તો હું મદદ કરવા તૈયાર છું. આ એક સાચી પદ્ધતિ છે, સાચી ઉદ્યોગ સાહસિકતા છે. વિજ્ઞાન અને કૃષિનો સંયોગ સાધીને જે પ્રયોગ થયો છે એ પ્રશંસનીય છે. આપણે એન્જિનિયરિંગ કેમ્પસમાં સ્ટાર્ટઅપ્સ શોધીએ છીએ, પરંતુ આપણે ખેતરોને પણ નજીકથી જોવાની જરૂર છે.

### વસ્તી ગણતરી કમિશ્નર નારાયણનો દાવો

# વસ્તી ગણતરીના આંકડા ખાનગી જ રહેશે કોઈ સ્કીમ માટે ઉપયોગમાં નહીં લઈ શકે

### ૧૮૮૧ અને ૧૯૩૧ પછી આઝાદ ભારતમાં પહેલી જ વખત જાતિ આધાર વસ્તી ગણતરી કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશ્નર મૃત્યુંજય કુમાર નારાયણે સોમવારે લોકોને જણાવ્યું હતું કે તેઓ વસ્તી ગણતરી કરવા માટે આવનારાઓને સાચીઅને ચોકસાઈપૂર્વક માહિતી પૂરી પાડે. તેમણે જણાવ્યું હતું કે વસ્તીના આ આંકડા ખાનગી રાખવામાં આવશે અને તેનોઉપયોગ પુરાવા તરીકે અથવા તો કોઈ સ્કીમમાં ફાયદો મેળવવા તરીકે નહીં થઈ શકે. દિલ્હી સહિત કેટલાક રાજ્યોમાં દેશના ૧૬માં સેન્સસના પ્રથમ તબક્કાનો પાંચમી એપ્રિલમાં પ્રારંભ થવાનો છે ત્યારે પત્રકારોને સંબંધતો કમિશ્નરે જણાવ્યું હતું કે સેન્સસ એકટના સેકશન ૧૫ હેઠળ બધી જ વ્યક્તિગત માહિતી ખાનગી રાખવામાં આવશે. વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો દિલ્હીમાં ૧૬ એપ્રિલથી ૧૫ મે સુધી યોજાશે.

નારાયણને જણાવ્યું હતું કે વસ્તી ગણતરીના આ આંકડા કોઈપણ સંગઠન સાથે શેર કરવામાં નહીં આવે. પછી તે સંગઠન સરકારી હોય કે ખાનગી હોય. આ ઉપરાંત કોર્ટમાં તેને પુરાવા તરીકે રજૂ કરવા માટે પણ ઉપયોગમાં નહીં લઈ શકાય કે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ હેઠળ પણ તેની માહિતી આપવામાં નહીં આવે. ફક્ત ઉપરછલ્લી આંકડાકીય વિગતો જ કોષ્ટકો બનાવવા માટે આપવામાં આવશે. આ વસ્તી ગણતરીમાં જ્ઞાતિનો સમાવેશ કરાયો છે અને લોકો કદાચ તેના અંગે સાચી માહિતી ન આપે તેવો ડર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેના અંગે નારાયણને જણાવ્યું હતું કે જ્ઞાતિ અંગેની વિગતો બીજા તબક્કામાં એકત્રિત કરવામાં આવશે અને તેના સવાલો વ્યાપક ચર્ચા પછી નક્કી કરવામાં આવશે.જ્ઞાતિ અંગેની માહિતી કેવી રીતે એકત્રિત કરવી તેના અંગે ઘણા સૂચનો છે. બધા પર વિચાર કરાશે અને અંતિમ પ્રશ્નાવલિ તૈયાર કરતા પૂર્વે તેમા શ્રેષ્ઠને સ્થાન અપાશે. છેલ્લે૧૮૮૧ અને ૧૯૩૧માં જાતિ આધારિત વસ્તી ગણતરી થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળની સમિતિએ ગયા વર્ષે ૩૦ એપ્રિલના રોજ આગામી વસ્તી ગણતરીમાં જાતિનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો હતો. આ વસ્તી ગણતરીમાં કુલ ૩૦ લાખ ગણનાકાર અને સુપરવાઈઝરો ભાગ લેશે. આઉપરાંત ૧.૩ લાખ વસ્તી ગણતરીકાર ડિજિટલ ડિવાઈસથી સજ્જ હશે. પ્રથમ તબક્કામાં નાગરિકોનેકુલ ૩૩ સવાલો પૂછવામાં આવશે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

આધુનિક, સમાવેશી અને સશક્ત રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે વિકસિત ગુજરાતની દિશામાં ઐતિહાસિક સિદ્ધિ

# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં ૮૯૧ કરોડની મહત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓનું રાષ્ટ્રને લોકાર્પણ અને નવી રેલવે સેવાનો શુભારંભ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ રાજયમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે ૮૯૧ કરોડ ની મહત્વપૂર્ણ રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કર્યું. આ પરિયોજનાઓમાં ખેડબ્રહ્મા-હિંમતનગર રેલવે લાઈનનું લોકાર્પણ તથા ખેડબ્રહ્મા–હિંમતનગર–અમદાવાદ (અસારવા) નવી રેલવે સેવાનો શુભારંભ, ગાંધીધામ–આદિપુર રેલવે લાઈનનું મલ્ટી-ટ્રેકિંગ તેમજ કાનાલુસ–જામનગર રેલવે લાઈનના ડબલિંગનું રાષ્ટ્રને સમર્પણ સામેલ છે. આ તમામ પરિયોજનાઓ ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારો - ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને સશક્ત કનેક્ટિવિટી પૂરી પાડીને રાજ્યના સર્વાંગી વિકાસને નવી ગતિ આપી રહી છે.

આ અવસરે ખેડબ્રહ્મા સ્ટેશન પર યોજાયેલ કાર્યક્રમમાં શ્રીમતી શોભનાબેન બારૈયા – માનનીય સંસદ સભ્ય-સાબરકાંઠા, શ્રીમતી રમીલાબેન બારા – માનનીય સંસદ સભ્ય- રાજ્યસભા, શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા – માનનીય ધારાસભ્ય-હિંમતનગર સહિત અન્ય ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા હતા. તે જ રીતે ઈડર સ્ટેશન પર યોજાયેલા કાર્યક્રમમાં શ્રી રમણલાલ વોરા – માનનીય ધારાસભ્ય-ઈડર તથા અન્ય ગણમાન્ય અતિથિ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગાંધીધામ સ્ટેશન પર યોજાયેલા કાર્યક્રમમાં શ્રી ત્રિકમભાઈ છાંગા – માનનીય રાજ્યમંત્રી ઉચ્ચ અને તકનીકી શિક્ષણ, ગુજરાત, શ્રી કાંતિલાલ અમૃતિયા – માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી, ગુજરાત અને શ્રી અનિરુદ્ધભાઈ દવે – માનનીય ધારાસભ્ય-માંડવી સહિત અન્ય ગણમાન્ય અતિથિ ઉપસ્થિત રહ્યા હતા.

● ખેડબ્રહ્મા-હિંમતનગર રેલવે લાઈન અને ખેડબ્રહ્મા–હિંમતનગર–અમદાવાદ નવી રેલવે સેવાઃ ઉત્તર ગુજરાતના સમાવેશી વિકાસની દિશામાં ઐતિહાસિક પગલું

સાબરકાંઠા જિલ્લા માં ૫૫ કિલોમીટર લાંબી ખેડબ્રહ્મા-હિંમતનગર બ્રોડગેજ રેલવે લાઈનનું નિર્માણ કામ પૂર્ણ થઈને જનતાને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે ૪૮૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આ રેલવે લાઈને ઉત્તર ગુજરાત ના દૂરના, આદિવાસી અને સરહદી વિસ્તારોને સીધા રેલવે નેટવર્ક સાથે જોડીને વિકાસની નવી રાહ ખોલી દીધી છે. આની સાથે જ ખેડબ્રહ્મા–હિંમતનગર–અમદાવાદ (અસારવા) વચ્ચે નવી રેલવે સેવાના શુભારંભથી આ વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે.

આ પરિયોજનાથી :

● હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર જેવા વિસ્તારોને ઝડપી, સુરક્ષિત અને સુલભ રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

● ખેડબ્રહ્મા થી પ્રસિદ્ધ અંબાજી ધામ સુધીની યાત્રા હવે વધુ સરળ અને સુગમ બનશે, જેનાથી શ્રદ્ધાળુઓને એક જ માર્ગમાં મુખ્ય તીર્થસ્થાનોના દર્શનનો લાભ મળી શકશે. ખેડબ્રહ્મા, જેને પ્રાચીન "બ્રહ્મક્ષેત્ર" તરીકે ઓળખવામાં આવે છે, હવે રેલવે કનેક્ટિવિટીથી જોડાઈને એક મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. બ્રહ્મા મંદિર અને આસપાસના આદિવાસી ધાર્મિક સ્થળોને કારણે આ વિસ્તાર એક મુખ્ય આસ્થા કેન્દ્ર છે, જ્યાં પહોંચવું હવે વધુ સરળ અને અનુકૂળ રહેશે, જેનાથી ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળશે.

● ઈડર, જે તેના ઐતિહાસિક કિલ્લા, પ્રાચીન મંદિરો અને કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે. બહેતર રેલવે કનેક્ટિવિટી દ્વારા ઈડર વિસ્તારમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળશે તેમજ સ્થાનિક ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળો સુધી યાત્રીઓની પહોંચ વધુ સુગમ અને સુવિધાજનક બનશે.

● હિંમતનગર, જે એક મુખ્ય સિરામિક અને ઔદ્યોગિક કેન્દ્ર છે, જ્યાં એશિયન ગ્રેનિટો, એડિસન સેનિટો, ઓરેકલ, કેથોસ, એક્સારો, સોનાટા અને સેન્ચુરી ટાઈલ્સ જેવી એકમો કાર્યરત છે તેમજ આ શહેર વજનકાંટા ઉદ્યોગ માટે પણ પ્રખ્યાત છે, સાથે જ શિક્ષણનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર હોવાને કારણે આ પરિયોજનાથી ઔદ્યોગિક પરિવહન અને જનતા-અવરજવર બંનેને લાભ મળશે, જેનાથી વિસ્તારના આર્થિક અને



સામાજિક વિકાસ ને ગતિ મળશે.

● સાબરકાંઠા જિલ્લાના રહેવાસીઓને અમદાવાદ અને ઉદયપુર સુધી સીધી રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે, જેનાથી યાત્રા વધુ સુગમ બનશે.

● ખેડૂતો, વેપારીઓ અને સ્થાનિક ઉદ્યોગોને બજાર સાથે બહેતર જોડાણ મળશે, જેનાથી વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે તેમજ રોજગારીની તકોનું પણ સર્જન થશે.

● આ ૫૫ કિલોમીટર લાંબા રેલવે માર્ગ પર ટ્રેનોના સંચાલનથી મુસાફરો, વેપારીઓ અને શ્રદ્ધાળુઓને અવરજવરમાં એકંદરે સુવિધા પ્રાપ્ત થશે.

● ગાંધીધામ–આદિપુર રેલવે લાઈન મલ્ટી-ટ્રેકિંગ : કચ્છ વિસ્તારમાં વેપાર, પોર્ટ અને લોજિસ્ટિક પ્રવૃત્તિઓને મજબૂત સમર્થન

કચ્છ જિલ્લામાં આવેલ ગાંધીધામ–આદિપુર રેલવે સેક્શનનું મલ્ટી-ટ્રેકિંગ કામ પૂર્ણ કરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે ૧૧ કિલોમીટર લાંબી આ પરિયોજના પર લગભગ ૧૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ પરિયોજના મારફતે :

● દીનદયાળ પોર્ટ (કંડલા પોર્ટ) સાથે જોડાયેલા આ વ્યસ્ત રેલવે માર્ગ પર ક્ષમતા વધવાથી ભીડ ઓછી થશે અને ટ્રેનોનું સંચાલન ઝડપી અને વધુ ભરોસાપાત્ર બનશે.

● ગાંધીધામ–આદિપુર વિસ્તારના ઉદ્યોગો, લોજિસ્ટિક પાર્ક અને વિશેષ આર્થિક ક્ષેત્રો (SEZ) સુધી બહેતર રેલવે કનેક્ટિવિટી મળશે.

● પોર્ટથી આયાત-નિકાસનો માલ ઝડપથી બહાર મોકલી શકાશે, જેનાથી સમય અને ખર્ચ બંને ઓછા થશે.

● કચ્છના ખેડૂતો અને ખેતી સાથે જોડાયેલા ઉદ્યોગોને તેમની ઉપજ, મીઠું વગેરે ઓછા ખર્ચે અને ઝડપથી બજાર સુધી પહોંચાડવામાં મદદ મળશે.

● વધુ ટ્રેનો ચલાવી શકાશે, જેનાથી વિસ્તારનો વિકાસ વધશે અને ગુજરાતની સાથે-સાથે દેશની અર્થવ્યવસ્થાને પણ ફાયદો થશે.

● કન્ટેનર, મીઠું, પેટ્રોલિયમ, ઓઈલ અને લુબ્રિકન્ટ્સ (POL), ખાતર, કોલસો, બેન્ટોનાઈટ અને અન્ય વસ્તુઓ નું લોડિંગ હવે વધુ કુશળતાથી, ઝડપી અને સુવ્યવસ્થિત રીતે સુનિશ્ચિત કરી શકાશે.

ગાંધીધામ, કચ્છ વિસ્તારનું એક મુખ્ય માલ પરિવહન કેન્દ્ર છે, જે સમગ્ર દેશમાં વ્યાપારી પ્રવૃત્તિઓને ગતિ આપે છે. આદિપુર આ વિસ્તારનું એક મહત્વપૂર્ણ યાત્રી કેન્દ્ર છે, જે સ્થાનિક લોકોના દૈનિક જીવનને સુગમ બનાવે છે.

● કાનાલુસ–જામનગર રેલવે લાઈનનું ડબલિંગઃ સૌરાષ્ટ્રના ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસને નવી ગતિ

કાનાલુસ–જામનગર રેલવે લાઈનના ડબલિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. અંદાજે ૨૭ કિલોમીટર લાંબી આ પરિયોજના પર લગભગ ૨૫૭ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ પરિયોજનાથી :

રેલવે માર્ગની ક્ષમતામાં વધારો થશે અને બંને દિશાઓમાં ટ્રેનોનું સંચાલન વધુ સુગમ બનશે.

જામનગરના ઔદ્યોગિક ક્ષેત્રો, વિશેષરૂપે રિફાઈનરી અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો ને ઉત્તમ પરિવહન સુવિધા મળશે.

દ્વારકા જેવા ધાર્મિક સ્થળો સુધી પહોંચ સરળ બનવાથી પ્રવાસનને વેગ મળશે.

ખેતી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને ખેડૂતોને પોતાની ઉપજ ઝડપથી બજાર સુધી પહોંચાડવામાં મદદ મળશે.

જામનગર, જે સૌરાષ્ટ્ર વિસ્તાર નું એક મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે, તે રાજ્યની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. જ્યારે કાનાલુસ જંકશન, જે વિવિધ રેલવે માર્ગોને જોડતું એક વ્યૂહાત્મક પોઈન્ટ છે, તે હવે વધુ સક્ષમ બનીને સમગ્ર વિસ્તારમાં રેલવે સંચાલનને સુગમ બનાવી રહ્યું છે.

સશક્ત રેલવે કનેક્ટિવિટીથી વિકસિત ગુજરાત તરફ અગ્રેસર ભારત

આ તમામ પરિયોજનાઓ અને નવી રેલવે સેવા મારફતે ગુજરાત રાજ્યમાં રેલવે નેટવર્ક વધુ મજબૂત, આધુનિક અને સક્ષમ બન્યું છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં બહેતર કનેક્ટિવિટીથી ઔદ્યોગિક વિકાસ, કૃષિ પ્રગતિ, પ્રવાસન પ્રોત્સાહન અને સામાજિક સમાવેશીકરણને નવી ગતિ મળી છે.

ભારતીય રેલવેની આ પહેલ "જનસુવિધા, પ્રાદેશિક સંતુલન અને આર્થિક સશક્તિકરણ" ના લક્ષ્યને સાકાર કરતા ગુજરાતને એક વિકસિત, સશક્ત અને આત્મનિર્ભર રાજ્ય બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.આ સિદ્ધિ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક પગલું છે.

# સુરતના લીંબાયત વિસ્તારમાં આગ લાગતા ૧ બાળક સહિત ૪ મહિલાના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં આગ ની ગોજારી ઘટના ઘટી છે. જેમાં ૧ બાળક સહિત ૫ લોકોના મોત નિપજયા હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે.શહેરના લીંબાયત વિસ્તારમાં આવેલા મકાનમાં અચાનક આગ લાગતા ઘરમાં ઉપસ્થિત લોકો ગંભીર રીતે દાઝયા હતા. જો કે તેમને સારવાર માટે હોસ્પીટલ ખસેડયા હતા. જયાં બાળક સહિત ૫ લોકોના મોત નિપજયા છે. સ્થાનિક પોલીસ સહિત ફાયર વિભાગ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોચીને આગ બુઝાવી દીધી હતી. રહેણાંક વિસ્તારમાં આગ લાગતા આજુબાજુના લોકો પણ ગભરાયા હતા અને લોકોમાં રોષ ઉભો થવા પામ્યો હતો. સુરતના લીંબાયત વિસ્તારમાં આવેલી મીઠી ખાડી નજીકમાં એક મકાનમાં આગ લાગી હતી. રહેણાંક વિસ્તારમાં આવેલા મકાનમાં મોટા પ્રમાણમાં સાડીઓનો જથ્થો મુકવામાં આવ્યો હતો. પોલીસે પ્રાથમિક માહિતી આપતા જણાવ્યુ હતુ કે કપડાની વચ્ચે ફોર્મ મુકવાના આવે છે, પ્રાથમિક દ્રષ્ટીએ આ ફોર્મમાં આગ લાગ્યા બાદ તે પ્રસરી હોય તેવુ લાગી રહ્યુ છે. આગની તપાસ ફાયરની ટીમ અને પોલીસ સાથે રહીને કરશે, આ ઘરમાં ૧ બાળક અને ૪ મહિલા હતા. મકાનમાં ઉપસ્થિત બાળક સહિત ૪ મહિલા ગંભીર રીતે દાઝયા હતા. ગંભીર રીતે દાઝેલા આ લોકોને હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન જ ૫ લોકોના મોત નિપજયા હતા. માહિતી એવી પણ મળી રહી છે કે આ ઘરમાં સાડીઓનુ ગોડાઉન બનાવાયુ હતું. એટલે અહીં નાનકડી આગ ઝડપથી પ્રસરી ગઈ હોવાનુ પણ માનવામાં આવી રહ્યુ છે. આ ઘરમાં મોટી સંખ્યામાં સાડીઓના થપ્પા કરવામાં આવ્યા હતા. ફાયરની ટીમે આ અંગે જણાવ્યુ હતુ કે, જયારે અમે અહીં આવ્યા ત્યારે અહીં ખુબ જ ધુમાડો હતો અને વિઝિબીલીટી જીરો થઈ ગઈ હતી. જો કે અમારી ટીમ ઉપર પહોચી અને આગ પર કાબુ મેળવી લીધો હતો. રહેણાંક વિસ્તારમાં આગ લાગતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. લીંબાયત પોલીસનો કાફલો લોકોને સમજાવવાનો પ્રયાસ કરતો નજરે પડયો હતો.

# મુલ્યો-સંસ્કાર અને જ્ઞાનની ત્રિવેણીને અવિરત જાળવી રાખવી એ આપણું દાયિત્વ છેઃ વડાપ્રધાન મોદી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગરના કોબા ખાતે મહાવીર જયંતિ નિમિત્તે સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનુ લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે રાષ્ટ્ર સંત પુજય આચાર્ય પદ્મસાગરસુરીશ્વરજી ના આશીર્વાદ લીધા હતા. કોબા તીર્થ થી દેશવાસીઓને મહાવીર જયંતિ ની શુભકામના પાઠવતા વડાપ્રધાન મોદીએ જણાવ્યુ હતુ કે અહીં મુલ્યોનું સંરક્ષણ થાય છે, સંસ્કાર ને સંબલ મળે છે અને જ્ઞાનનુ પોષણ થાય છે.

આ ત્રિવેણી ભારતીય સભ્યતાનો આધાર છે. આ ત્રિવેણીને અવિરત જાળવી રાખવાનુ આપણુ દાયિત્વ છે. હજારો વર્ષ ની ભારતીય વિરાસત, જૈન ધર્મનુ જ્ઞાન આ આગલી પેઢી સુધી પહોચાડવા આપણા સંતોએ આ મ્યુઝિયમની સંકલ્પના કરવામાં આવી, આ સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય જૈન દર્શન અને પ્રાચીન વારસાનુ પવિત્ર કેન્દ્ર બન્યુ છે. હું સૌ જૈન મુનિનુ અભિનંદન અને તેમના ચરણોમાં પ્રણામ કરૂ છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક મહિનામાં જ બીજીવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ મુલાકાત દરમિયાન ગાંધીનગરના કોબા ખાતે આજે મહાવીરજયંતિ નિમિત્તે સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનુ લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે રાષ્ટ્ર સંત પુજય આચાર્ય પદ્મસાગરસુરીશ્વરજીના આશીર્વાદ લીધા હતા. આ કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મહાવીર જૈન આરાધના કેન્દ્રના પ્રમુખ સુધીર મહેતા(ટોરેન્ટ ગૃપના માલીક ) સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન મોદીએ જય જીનેન્દ્ર જય જીનેન્દ્ર ના જયઘોષ સાથે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે મહાવીર જયંતિના પાવન અવસરે મને અહીં આવવાની તક મળી, હું કોબા તીર્થ થી દેશવાસીઓને મહાવીર જયંતિની શુભકામનાઓ આપુ છું. હું આજે પરમપુજય આચાર્ય કૈલાશ સાગર સુરીશ્વરજીને યાદ કરૂ છુ, તેમની પ્રેરણાથી આ મહાન તીર્થ ની સ્થાપના થઈ છે. અહીં મુલ્યોનુ સંરક્ષણ થાય છે, સંસ્કારને સંબલ મળે છે અને જ્ઞાનનુ પોષણ થાય છે. આ ત્રિવેણી ભારતીય સભ્યતાનો આધાર છે, આ ત્રિવેણીને અવિરત જાળવી રાખવાનુ આપણુ દાયિત્વ છે. જે જ્ઞાન મળે એ સમ્યક હોય, સમ્યક હોય તો સમતા અને સેવાનો આધાર હોય છે, આ મ્યુઝિયમમાં ભારતની સૌથી મોટી વિશિષ્ટતાના દર્શન થાય છે. ભારતની વિવિધતા અને એકતા તાકાત છે, મત, મજહબ અને આસ્થાના નામે દુનિયાએ ટકરાવ જોયો છે. વેદ, પુરાણ, આયુર્વેદ, યોગ વિવિધ પંરપરાનો રંગ એક સાથે ઈન્દ્રધનુષની જેમ ઉપસ્થિત હોય એ ભારતમાં જ શકય બને, આજે વિશ્વ જે રીતે અસ્થિરતા અને અશાંતિની આગ માં દાઝી રહયુ છે. ત્યારે આ મ્યુઝિયમનો સંદેશ પુરી માનવતા માટે મહત્વપૂર્ણ છે. દુનિયાના દેશોમાંથી આવનારા જિજ્ઞાસુઓની સંખ્યા વધે એવો પ્રયાસ કરવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદબોધનમાં જણાવ્યુ કે ભારતમાં જ્ઞાન હંમેશ થી મુકત પ્રવાહ રહ્યો છે. ઋષીઓ અને મુનીઓનો અવતાર રહ્યા છે.

કલ્પના કરો એક સમયે આપણા તક્ષશીલા, નાલંદા જેવા વિશ્વાલય લાખો ગ્રંથો અને પાંડુલીપીઓથી ભરેલો રહેતો હતો. પરંતુ વિદેશી આક્રમણકારીઓએ જ્ઞાનને પણ દુશ્મન માનીને સળગાવી દીધુ, માનવતાનો વારસો નષ્ટ થઈ ગયો છે. આઝાદી પછી તેને શોધવા અને સંભાળવા દેશની જવાબદારી હોવી જરૂરી હતી. પરંતુ ગુલામી માનસિકતાને કારણે કોઈએ ધ્યાન ન આપ્યુ, આચાર્ય પદ્મસાગર સુરીશ્વરજી જેવા મહારાજાઓએ તેનુ મહત્વ સમજયુ અને જીવન સમર્પિત કરી દીધું.

# દારૂને લઈને ગુજરાત સરકારનો અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણયઃ હવે ગાંધી ની ધરતી પર ટુરીઝમના વિકાસ માટે દારૂની દુકાનને મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પોરબંદરમાં ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે શહેરની કેટલીક પસંદગીની હોટલોમાં લીકર શોપ ને મંજુરી આપવામાં આવી છે. જે ટુરીસ્ટોને વધુ આકર્ષવા માટેનો પ્રયાસ માનવામાં આવે છે, આ નિર્ણય થી સ્થાનિક અર્થતંત્ર અને હોસ્પીટાલીટી સેકટરને નવી ગતિ મળવાની અપેક્ષા છે,




પોરબંદરમાં હોટલોને લીકર શોપ માટે મંજુરી આપવામાં આવી છે. આ મંજુરી ખાસ કરીને ટુરીસ્ટોને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે, જેથી બહારથી આવતા પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળી શકે, ગુજરાતમાં દારૂબંધી નીતિ લાગુ હોવા છતાં, ટુરીસ્ટ પરમીટ સિસ્ટમ હેઠળ બહારના પ્રવાસીઓને નિયંત્રણ સાથે દારૂ ઉપલબ્ધ કરાવવામાં આવે છે, હવે હોટલોને આ પ્રક્રિયામાં સામેલ કરવાથી પ્રવાસીઓને સરળતા રહેશે. પોરબંદર ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતુ શહેર છે. જયાં દર વરસે હજારો પ્રવાસીઓ આવે છે, પરંતુ અન્ય ટુરીસ્ટ ડેસ્ટિનેશન સાથે સ્પર્ધા કરવા માટે સુવિધાઓમાં વધારો જરૂરી માનવામાં આવે છે. હોટલોમાં લીકર શોપ ની મંજુરી મળવાથી આંતરરાષ્ટ્રીય અને અન્ય રાજયના પ્રવાસીઓ માટે સુવિધા વધશે. તેમજ હોટલ અને ટુરીઝમ બિઝનેશમાં વધારો થશે, આ સાથે જ શહેરમાં રોકાણ અને રોજગારી વધશે, આ નિર્ણય ને હોસ્પિટાલીટી સેકટર માટે ગેમ ચેન્જર તરીકે જોવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં વરસોથી દારૂબંધી લાગુ છે, પરંતુ ટુરીસ્ટોને મર્યાદીત પ્રમાણમાં દારૂ પીવાની પરમીશન આપવામાં આવે છે. આ માટે ખાસ પરમીટ સિસ્ટમ બનાવવામાં આવી છે, જેમાં બહાર રાજય અથવા દેશના પ્રવાસીઓ અરજી કરી શકે છે, નિર્ધારીત સ્થળોએ જ દારૂ ઉપલબ્ધ હોય છે, કડક નિયમો અને ચેકીંગ કરવામાં આવે છે, હવે હોટલોને આ સિસ્ટમમાં જોડવાથી પ્રક્રિયા વધુ સરળ બનશે. આ નિર્ણયને લઈને સ્થાનિક સ્તરે મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. કેટલાક લોકો માને છે કે આ પગલાથી ટુરીઝમ અને અર્થતંત્રને ફાયદો થશે, જયારે કેટલાક લોકો દારૂબંધી નીતિના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યકત કરી રહ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યુ છે કે તમામ નિયમો અને નિયંત્રણો યથાવત રહેશે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ નિર્ણયથી પોરબંદર શહેરમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થવાની સંભાવના છે. હોટલ, ટ્રાવેલ અને સર્વિસ સેકટરમાં નવા અવસર ઉભા થઈ શકે છે. સાથે જ રાજય સરકારનો હેતુ છે કે ગુજરાતને વધુ આકર્ષક ટુરીસ્ટ ડેસ્ટિનેશન બનાવવુ, જયાં સુવિધા અને નિયમો વચ્ચે સંતુલન જળવાય, આ નિર્ણય ગુજરાતની નીતિમાં એક મહત્વપૂર્ણ ફેરફાર દર્શાવે છે. જેમાં પરંપરાગત દારૂબંધી અને આધુનિક ટુરીઝમ જરૂરીયાતો વચ્ચે સંતુલન લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આગામી સમયમાં આ મોડેલ અન્ય ટુરીસ્ટ શહેરોમાં પણ લાગુ થઈ શકે છે. જો તે સફળ સાબિત થાય.

# રાજકોટમાં PSIની રિવોલ્વરમાંથી છૂટેલી ગોળી મહિલા મિત્રની કમરમાં વાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલ સમન્વય સુલભ એપાર્ટમેન્ટમાં સોમવારે ૩૦ માર્ચના રોજ મોડી રાત્રે ફાયરિંગની ઘટનાથી સનસનાટી મચી ગઈ છે.

રાજકોટ સાયબર ક્રાઈમમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર (PSI)એન.કે. પંડ્યાની સર્વિસ પિસ્તોલમાંથી અચાનક ગોળી છૂટતા PSI પોતે અને તેમની સાથે હાજર એક મહિલા મિત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. બંનેને હાલ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબઆ ઘટના રાત્રિના આશરે ૧ વાગ્યાની આસપાસ બની હતી. પીએસઆઈ પંડ્યા પોતાના ફ્લેટમાં સર્વિસ પિસ્તોલ સાફ કરી રહ્યા હતા, તે દરમિયાન હથિયાર લોડ હોવાને કારણે અચાનક ફાયરિંગ થયું હતું. ગોળી PSIના હાથમાં વાગ્યા બાદ ભટકાઈને ત્યાં હાજર તેમના મહિલા મિત્રના પડખાના ભાગે વાગી હતી. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્થળ પર દોડી ગયા હતા. આ સમગ્ર મામલે તપાસ કરી રહેલા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે: ' યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી શિવશક્તિ કોલોની, જે યુનિવર્સિટી રોડ પર આવેલ છે, ત્યાં સમન્વય સુલભ એપાર્ટમેન્ટના એ-વિંગમાં ફ્લેટ નંબર ૪૦૪માં એક ફાયરિંગની ઘટના બની હતી, PSI એન.કે. પંડ્યા, જેઓ હાલ ૧૫ દિવસથી સાયબર ક્રાઈમમાં કાર્યરત છે, તેઓ પોતાની ગ્લોક પિસ્તોલ સાફ કરી રહ્યા હતા ત્યારે આકસ્મિક રીતે મિસફાયર થયું હતું. આ ઘટનામાં PSIને હાથમાં ફ્રેક્ચર થયું છે અને તેમની સાથે હાજરમહિલા મિત્રને પણ ઈજા પહોંચી છે. 'FSLની મદદથી તપાસ શરૂ કરવામાં આવી છે અને હથિયાર કબજે લેવાયું છે. જો તપાસમાં કોઈ બેદરકારી કે ગુનાહિત કૃત્ય જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે., હાલ ખાલી કારતૂસ કબજે કરવામાં આવ્યા છે સર્વિસ વેપનથી ફાયરિંગ થયું હોવાથી નિયમ મુજબની ખાતાકીય તપાસ અંગે પણ કાર્યવાહી કરવામાં આવશે. બંને ઘાયલો સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર છે.' આ ઘટનાને પગલે પોલીસ બેડામાં અનેક ચર્ચાઓ જાગી છે. PSI પંડ્યા છેલ્લા બે વર્ષથી આ ફ્લેટમાં ભાડેથી એકલા રહેતા હતા. મહિલા મિત્ર અવારનવાર તેમને મળવા આવતી હોવાનું ચર્ચા રહ્યું છે. જો કે મધ્યરાત્રિએ ૧ વાગ્યે હથિયાર સાફ કરવાની વાત અને તે સમયે મહિલાની હાજરીને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ અધિકારીઓને હથિયારની સફાઈ અને તેની સાવચેતી અંગે વિશેષ તાલીમ આપવામાં આવે છે, તેમ છતાં લોડ રિવોલ્વર સાથે સફાઈ કરવી તે મોટી લાપરવાહી ગણાય. જે તપાસનો વિષય છે, ફાયરિંગ બાદ તુરંત જ ફ્લેટને તાળું મારી દેવામાં આવ્યું હતું, મધરાત્રે શું બન્યું તેનું રહસ્ય ઘેરાયું છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા 33KV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સનું બદલીકરણ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૩૮
તારીખ : ૩૦.૦૩.૨૦૨૬

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના અન્ડરગ્રાઉન્ડ કેબલ (૦૫ નંગ ક્રોસિંગ) દ્વારા 33KV ઓવરહેડ પાવર લાઈન ક્રોસિંગ્સ નું બદલીકરણ. **અંદાજિત પડતરઃ** ₹ ૨,૩૧,૧૧,૩૩૬/- ફક્ત, **અર્નેસ્ટ મનીઃ** ₹ ૪,૬૨,૨૦૦.૦૦/- **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૧-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-227

અમને ફોલો કરોઃ x.com/WesternRly

ભૂત, ભૂવા અને કહેવાતા તાંત્રિકોની "માયા જાળમાં"

# સામાન્ય પ્રજા સાથે રાજકારણીઓ પણ અંધશ્રધ્ધામાં આંધળો વિશ્વાસ રાખતા હોય ત્યાં દોષ કોને દેવો?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત માટે એમ કહેવાય છે કે ભારત મદારીઓનો દેશ છે. જ્યાં મંત્ર, તંત્ર અને ભૂત ભુવાઓની સાથે બની બેઠેલા તાંત્રિકોની માયાજાળમાં સામાન્ય પ્રજા તો ફસાય એ સમજી શકાય છે પરંતુ ભણેલા-ગણેલા લોકોની સાથે રાજનેતાઓ જ્યારે આવા લેભાગુ જ્યોતિષીઓ અને તાંત્રિકોની મોહજાળમાં ફસાય છે. ત્યારે અન્યની તો વાત જ ક્યાં રહી? આખરે જ્યારે તાંત્રિકની પોલ ખૂલે છે ત્યારે ખુલાસા આપવા પડે છે અને એમના જાહેર જીવનને પણ કલંક લાગે છે. જે ભવિષ્યમાં એવા રાજનેતાઓ માટે જાહેર જીવન માટે આડખીલી રૂપ પણ બને છે.

આવા લેભાગુ તાંત્રિક, જ્યોતિષીનો તાજો જ દાખલો મુંબઈ ના કહેવાતા લંપટ જ્યોતિષી અશોક ખેરાતનો જગ જાહેર છે. જેમાં એણે ૫૮ ઉપરાંત મહિલાઓ સાથે દુષ્કૃત્ય કર્યું હતું. જેને રાક્ષસી કૃત્ય કહી શકાય અને આવા રાક્ષસી કૃત્ય કરનારાઓનો જ્યારે પડદા ફાસ કરવામાં આવે છે ત્યારે કોઈ પણ બહેન દીકરીના બનાવોને મીડિયામાં મારી મચેડી બતાવવા યોગ્ય નથી. જેમાં મહારાષ્ટ્રની મહિલા આયોગની અધ્યક્ષાને અશોક ખેરાત ના માથે છત્રી ધરી ચાલવા ના વિવાદાસ્પદ ફોટાને કારણે જે બદનામી મળી એણે કારણે એને મહારાષ્ટ્રના મહિલા આયોગના ચેરમેન પદ ઉપરથી રાજીનામું આપવાની ફરજ પડી એટલું જ નહીં મહારાષ્ટ્રના તત્કાલિન ડે.સી.એમ એકનાથ શિંદે ને પણ અશોક ખેરાત ના આશ્રમની મુલાકાત લેવાના કારણે ખુલાસાઓ કરતાં નાકે દમ આવી ગયો હતો.

ત્યારે અહીં જે મુખ્ય વાત એ છે કે જે આવા લેભાગુ તાંત્રિકો, જ્યોતિષીઓ કે બની બેઠેલા બાપુઓની કોઈ વ્યક્તિ ધ્વારા પછીએ પીડિત મહિલા હોય કે અન્ય કોઈ કે જેણે આવા આશ્રમોમાં ચાલતી પ્રવૃતિઓ ને નજીકથી નિહાળીને એવા લેભાગુ બાબાઓ,તાંત્રિકોની સમાજના હિતમાં સત્યને ઉજાગર કરવા જનતા સમક્ષ મીડિયાના માધ્યમથી પોલખોલી જાહેર જનતાને જાગૃત કરી હોય એ સારી વાત છે.

પરંતુ સિક્કાની બીજી બાજુએ પણ છે કે જે રીતે મીડિયા મરચું, મીઠુ ઉમેરીને ટીવી ઉપર કે અખબારોમાં ફોટા સહિતના જે અહેવાલો પ્રસિધ્ધ કરે છે એ સમાજના હિતમાં આમ જોવા જઈએ તો જાગૃતતા ને બદલે કુમળા જનમાનસ માં વિકૃતિને જન્મ આપે છે. જે સમાજ માટે તો શરમજનક છે જ પરંતુ પોલીસતંત્રની તપાસમાં પણ આવા અહેવાલો અડચણરૂપ બને છે. જે લાંબે ગાળે ગુન્હેગારો માટે ઘણીવાર આશીર્વાદરૂપ બનતા હોવાથી પોલીસની મહેનત પર પાણી ફરી વળે છે. અને તેનો તાજો દાખલો છે બાબા રામ રહીમનો જે કેટલીય વાર પેરોલ પર છૂટી લહેર કરી કાયદાના ધજીયા ઉડાડી રહ્યો છે. અને હવે વાત કરીએ સનાતની હિંદુ ધર્મની. સનાતની હિંદુ ધર્મ કયારેય કોઈ મહિલા સાથે વિશ્વાસઘાત કરીને એને અંધશ્રદ્ધાનો શિકાર બનાવવાનું શીખવતો નથી કે જ્યાં મહિલાઓને તાંત્રિક વિધિના નામે નિર્વસ્ત્ર કરી એની સાથે ઐયાશી કરી એનું જીવન બરબાદ કરી સામાજીક પ્રતિષ્ઠા ખરડાય અને એ મહિલા પરિવાર સાથે સમાજમાં બદનામ થાય એવું કોઈ ધર્મ ક્યારેય શિખવતો નથી. ત્યારે અશોક ખેરાત હોય કે બાગેશ્વર ધામનો ધિરેન્દ્ર શાસ્ત્રી હોય કે આશારામ સહિત રામરહિમ કેમ ના હોય? આવા લંપેટોની જાળમાં ફસાતા ભોળા લોકો, રાજનેતાઓ કે ફિલ્મી અભિનેતાઓ સાથે અન્ય કોઈ પણ કેમ ના હોય? એમણે હવે જાગૃત થઈ સમાજના હિતમાં અંધશ્રધ્ધાને તિલાંજલિ આપવા મેદાનમાં ઊતરવું જોઈએ એ જ સમયની માંગ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આવા તાંત્રિકો ઉપર રાજકારણીઓની છત્ર છાયા હોવાથી બેફામ વાણી-વિલાસ કરતાં અન્ય સમાજમાં છુપો રોષ ફેલાય છે. જેને આધાર બનાવીને આવા લંપટ બાવાઓ, બાપુઓ, જ્યોતિષીઓ, બાબાઓ પોતાની ઉપર જાનનું જોખમ છે અને ધમકી મળી છે એવા બહાના કાઢી સરકારી ખર્ચે સિક્યોરિટી મેળવે છે. જે આખરે તો પ્રજાના ટેક્ષના પૈસાથી જ અપાતી હોય છે.

એ સાથે સોશિયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ ઉપર રજૂ થતાં બીભત્સ્ય વિડીયો બંધ થવા જોઈએ જેના કારણે માં-બેન દીકરીઓના માનસમાં પડતી ખોટી અસરો પર કાબુ આવે અને વિકૃતિથી મહિલાઓ દૂર રહે એ જ ઈચ્છનિય છે. મોટા-મોટા રાજકારણીઓ અંધશ્રધ્ધામાં વિશ્વાસ મૂકી આવા લંપટ સાધુ બાવાઓના શરણે જાય છે. ટિકિટ મેળવે છે. વિજયી થવાના આશીર્વાદ મેળવે છે અને આવા મોટા માથાઓને જોઈને સામાન્ય માણસ એનું અનુકરણ કરી આખરે સમાજમાં બદનામ થઈ પસ્તાય છે.

આ લખનાર પ્રતિનિધિ પણ સનાતની છે અને સનાતન ધર્મના નામે કોઈ વ્યક્તિ અંધશ્રધ્ધા ફેલાવે તેનો પણ આ લખનાર સખ્ત વિરોધ કરે છે અને કરતાં રહેશે.

# બંગાળના મુખ્યમંત્રીએ મારવાડી સમુદાયને "બંગાળી પરિવાર"નો અભિન્ન ભાગ ગણાવ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. જેમાં ૨૯ એપ્રિલે ભવાનીપૂર માટે મતદાન થશે. બેનરજીના સંદેશને રાજયના પ્રભાવશાળી વેપારી અને વ્યાવસાયિક સમુદાયોમાં સમર્થન એકત્ર કરવાના પ્રયાસના ભાગરૂપે જોવામાં આવી રહ્યું છે. ત્યારે રાજસ્થાન દિવસ નિમિત્તે મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં રાજસ્થાની અને મારવાડી સમુદાયોનો સંપર્ક કર્યો અને તેમને "બંગાળી પરિવાર" નો અભિન્ન ભાગ ગણાવ્યા અને રાજયના વિકાસમાં તેમની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

સોમવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં બેનરજીએ કહ્યું કે વિવિધ ક્ષેત્રોમાં રાજસ્થાની અને મારવાડી સમુદાયોના યોગદાનથી રાજયના વિકાસમાં નોંધપાત્ર મદદ મળી છે. તેમણે તેમને ખાતરી આપી કે તેમની સરકાર તેમની સતત પ્રગતિ માટે "શાંતિ, આનંદ અને સંવાદિતા" નું વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબધ્ધ છે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલા આ સંપર્ક શરૂ થયો છે. રાજકીય નિરીક્ષકો આ સંદેશને બિન-બંગાળી ભાષી સમુદાયો ખાસ કરીને મારવાડીઓ અને રાજસ્થાનીઓ જેઓ પરંપરાગત રીતે ભારતીય જનતા પાર્ટીને ટેકો આપતા રહ્યા છે. તેમને જોડવાના વ્યૂહાત્મક પ્રયાસ તરીકે જુએ છે. વિશ્લેષકો નિર્દેશ કરે છે કે, દક્ષિણ કોલકાતા ના ભવાનીપૂર જેવા મતવિસ્તારમાં આવા સંદેશાનું મહત્વ વધુ છે. જ્યાં મતદારોનો મોટો ભાગ ગુજરાતીઓ, રાજસ્થાનીઓ અને મારવાડીઓ સહિત બિન-બંગાળી ભાષી હિન્દુઓ છે. આ જૂથો ને ઘણીવાર ભાજપ માટે મુખ્ય સમર્થન આધાર તરીકે જોવામાં આવે છે. ભવાનીપૂર, જ્યાં બેનરજી ચૂંટણી લડી રહ્યા છે. તે આ ચૂંટણીમાં સૌથી હાઈ-પ્રોફાઈલ બેઠકોમાની એક છે. તેમને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી તરફથી સખત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. જે નંદીગ્રામથી પણ ચૂંટણી લડી રહ્યા છે.

# મોદીના કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાના ૧૮૦૦ શિક્ષકોને ફરજીયાત હાજર રહેવાના ડીઈઓના પરીપત્ર થી વિવાદ સર્જાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં એક તરફ ગુણવત્તાયુકત શિક્ષણના દાવા કરવામાં આવે છે. તો બીજી તરફ સરકારી કાર્યક્રમોમાં ભીડ એકઠી કરવા માટે શિક્ષણ જગતનો જ ભોગ લેવાતો હોવાની વરવી વાસ્તવિકતા બહાર આવી છે. બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના એક લેટેસ્ટ પરીપત્રએ વિવાદ છેડયો છે. જેમાં હજારો મહિલા શિક્ષિકાઓને શાળા છોડી વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજર રહેવાનો આદેશ કરાયો હતો. બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં થી કુલ ૪૩૭૪ મહિલા શિક્ષિકાઓની વિગતો મંગાવવામાં આવી હતી. આ પૈકી ૧૮૦૦ શિક્ષિકાઓને ફરજીયાતપણે કાર્યક્રમ સ્થળે હાજર રાખવા માટે સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો હતો. આ શિક્ષિકાઓએ બાળકોને ભણાવવાને બદલે વીઆઈપી અને વીવીઆઈપી બેઠક વ્યવસ્થા માં હાજર રહેવાની ફરજ પાડવામાં આવી હતી. નોડલ અધિકારીઓને આ શિક્ષિકાઓને લાવવા લઈ જવાની અને બેઠક વ્યવસ્થા જાળવવાની જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જયારે હજારો શિક્ષિકાઓ એક સાથે શૈક્ષણિક કાર્ય છોડીને સરકારી ઈવેન્ટમાં જોડાશે, ત્યારે તે દિવસે શાળાઓમાં અભ્યાસ કરતા હજારો નિર્દોષ બાળકોના શિક્ષણનુ શું ? આ પ્રશ્ન હાલ વાલીઓ અને શિક્ષણવિદો માં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. શું શિક્ષણ વિભાગનુ કામ ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાનુ છે કે પછી માત્ર રાજકીય કાર્યક્રમોમાં પ્રેક્ષકોની સંખ્યા વધારવાનું ? એક તરફ રાજયની અનેક શાળાઓને શિક્ષકોની ઘટ હોવાની બુમરોળ ઉઠવા પામી છે. તો બીજી તરફ હાજર શિક્ષકોને પણ બિન શૈક્ષણિક કામોમાં જોતરવામાં આવી રહ્યા છે. જાહેર જનતાના ટેક્ષના પૈસે ચાલતા તંત્રનો ઉપયોગ જયારે આ પ્રકારે ભીડ વધારવાના સાધન તરીકે થાય ત્યારે તે લોકશાહીની ગરીમા સાથે ગંભીર સવાલો ઉભા કરે છે.

આગામી ૩ એપ્રિલે શુક્રવાર ની નમાજ માં હાથે કાળી પટ્ટી બાંધી મુસ્લીમ સમુદાય યુસીસી કાયદાનો વિરોધ કરશે

# અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા સહિત સમગ્ર રાજયમાં યુસીસી કાયદાનો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયની વિધાનસભામાં પસાર કરેલા યુનિફોર્મ સીવીલ કોડ (યુસીસી) નો ગુજરાત મુસ્લીમ હિત રક્ષક સમિતિ દ્વારા વિરોધ કરી ભાવી કાર્યક્રમો ઘડયા છે. જેમાં આગામી ૩ એપ્રિલે અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં શુક્રવારની નમાજ વખતે મુસ્લીમ સમુદાય હાથમાં કાળી પટ્ટી બાંધી કાયદાનો વિરોધ કરશે. ત્યારબાદ ૬ એપ્રિલે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં કલેકટરોને આવેદનપત્રો આપવામાં આવશે.

આ ઉપરાંત આ મુદ્દે હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં જવાનુ પણ આયોજન છે. મુસ્લીમ સમુદાય ઉપરાંત અન્ય સમાજનો પણ સહયોગ મેળવવામાં આવશે, ગુજરાત વિધાનસભામાં પસાર કરેલા અને હાલમાં રાજયપાલની મંજુરી માટે ગયેલા યુનિફોર્મ સીવીલ કોડ બીલ અંગે ગુજરાત મુસ્લીમ હિત રક્ષક સમિતિ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ બીલને લઈને સમિતિની કોર ગૃપની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી રણનીતી અને ભાવી કાર્યક્રમો નકકી કરવામાં આવ્યા છે. જે અનુસાર આ કાયદાને રદ કરવા માટે સમિતિ દ્વારા રાજયના ગવર્નરને મળીને આવેદનપત્ર આપવામાં આવશે. અને કાયદો રદ કરવા રજુઆત કરાશે. આ ઉપરાંત ૩ એપ્રિલ ને શુક્રવારે જુમ્માની નમાજમાં દરેક મુસ્લીમ સમુદાય જમણા હાથે કાળી પટ્ટી બાંધીને યુસીસી સામે પોતાનો વિરોધ વ્યકત કરશે. આ ઉપરાંત ૬ એપ્રિલના રોજ મુસ્લીમ સમુદાયના ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનો તથા વકીલ અને સંગઠનના હોદ્દેદારો મળી દરેક જિલ્લાના કલેકટરોને આવેદનપત્ર આપશે અને કલેકટર કચેરી બહાર પ્લે કાર્ડ સાથે મૌન ધરણાં યોજશે. બીલના કાનુની પાસાઓના અભ્યાસ કરવા માટે નિષ્ણાંત વકીલોની ટીમ બનાવવાનુ અને જરૂર લાગશે તો આ મામલે ગુજરાત હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં બંધારણીય પડકાર રીતે લઈ જવાનુ પણ આયોજન કરાયુ છે. સમાન નાગરીક સહિતા કાયદો શું છે, મુસ્લીમ સમુદાયના શરીયત કાયદાઓ ઉપર કેવી રીતે અસર થશે તે માટે જાગૃતિ લાવવાના હેતુસર મુસ્લીમ સમુદાય માટે સેમીનાર, વર્કશોપ અને મીટીંગોનુ આયોજન કરવામાં આવશે. સરળ ભાષામાં પેમ્ફલેટ, લેખ અને સોશીયલ મીડીયા દ્વારા લોકો સુધી માહિતી પહોચાડવાનુ આયોજન કરાયુ છે. અન્ય ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે ચર્ચા કરીને સહમતી અને સહયોગ મેળવવા માટે પણ પ્રયત્નો કરવામાં આવશે. મુદ્દાએ માત્ર એક સમુદાય માટે નહી પરંતુ બંધારણીય અને નાગરીક અધિકારોના મુદ્દા તરીકે રજુ કરવામાં આવશે.

# મંત્રીઓના પીએસ-પીએ સાચી માહિતીથી મંત્રીઓને વાકેફ ન કરતા પ્રજાના કામો ખોરંભે

પ્રતિનિધિ,ગાંધીનગર



સરકારના કેટલાક મંત્રીઓના પીએસ-પીએ મંત્રીઓને સાચી માહિતી થી વાકેફ ન કરતા પ્રજાના કામો ખોરંભે પડયા હોવાની સચિવાલયમાં બુમરોળ ઉઠવા પામી છે. મંત્રીની છબી બગાડવી કે સુધારવી તે પીએસ-પીએ ની હોય છે, પીએસ-પીએ ધારે તો મંત્રીઓને ધારાસભ્યો બનવા લાયક પણ ન રાખી શકે, કારણ કે મોટાભાગના મંત્રીઓ માત્ર સોમવાર અને મંગળવારે દેખાડો દેતા હોય છે. તો કેટલાક મંત્રીઓ મંગળવારે અને કયારેક કેબિનેટ હોય તો બુધવારે હાજર રહી બપોર બાદ પોતાના મત વિસ્તારમાં અથવા તો મીટીંગોમાં વ્યસ્ત રહેતા હોય છે. ત્યારે મંત્રીઓની ગેરહાજરીમાં ધારાસભ્યોથી લગાડી આમ પ્રજા દુર દુર થી ભાડા અને સમય બગાડી જયારે મંત્રીઓના પીએસ-પીએ પાસે આવે ત્યારે કેટલાક પીએસ-પીએ દ્વારા મંત્રીની કામગીરીને વખાણી જવાબ આપતા હોય છે. તો કેટલાક પીએસ-પીએ બદલીઓ કરાવવાની કામગીરીમાં જોતરાઈ જતા હોય છે. પીએસ-પીએ ને વિભાગો સાથે વધુ તાલ મેલ હોવાને કારણે વિભાગોની તમામ માહિતી હોવા છતાં કેટલાક મંત્રીઓના પીએસ-પીએ દ્વારા સાચી માહિતી થી મંત્રીઓને વાકેફ કરવામાં ન આવતા અંતે મંત્રીઓને પ્રજાના રોષ નો ભોગ બનવુ પડતુ હોય છે.

ચુંટણીના પરીણામોમાં મંત્રીઓ-ધારાસભ્યોએ કરેલા કામોનો હિસાબ લેવાઈ જશે

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામો મંત્રીઓ-ધારાસભ્યોના કામોનું ભાવિ નકકી કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં સેમી વિધાનસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમ વાગી ચુકયા છે. નરેન્દ્ર મોદીના કાર્યક્રમ બાદ રાજય ચુંટણી આયોગ ચુંટણીના કાર્યક્રમોની રૂપરેખા જાહેર કરી શકે છે. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ જીત્યા બાદ ૧૬ જેટલા મંત્રીઓ બનાવી સરકારે કરકસર અભિયાન હાથ ધર્યુ હતું. જેમાં મોટા ભાગના મહત્વના ખાતાઓ મુખ્યમંત્રી પાસે હોવાને કારણે પ્રજામાં કચવાટ ઉભો થવા પામ્યો હતો. તો સાથે સાથે કેટલાક ધારાસભ્યોને લીલી પેન ચલાવવાની સત્તા સાથે ગાડી બંગલો મળી રહે તેવા સ્વપ્નો ધારાસભ્યો જોઈ રહ્યા હતા. કેન્દ્રીય હાઈકમાન્ડ દ્વારા ધારાસભ્યોના મંત્રી મંડળમાં સ્થાન પામવાના અભરખા પુરા કર્યા પરંતુ કેટલાક ધારાસભ્યો જેવા કે અલ્પેશ ઠાકોર, જયેશ રાદડીયા અને હાર્દિક પટેલ જેવા ધારાસભ્યોના મંત્રી મંડળમાં સમાવેશ થવાના મુંગેરીલાલ ના હસીન સપના અધુરા રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે ઉતાવળે ૨૬ જેટલા મંત્રીઓનુ જમ્બો મંત્રી મંડળ નું વિસ્તરણ કર્યુ હતું. પરંતુ આ મંત્રી મંડળમાં કેટલાક નવા નિશાળીયા મંત્રીઓને ખબર પણ પડતી નથી કે વિભાગો પાસે થી કેવી રીતે કામો લેવા અને કરાવવા, મંત્રી સ્વરૂપજી ઠાકોરે તો કયારેય કલેકટર પાસે કોઈ કામ કરાવ્યુ નથી અને કલેકટર સાથે ફોન પર પણ વાત કરી નથી, કારણ કે મંત્રી સ્વરૂપજી ઠાકોરને ગેનીબેનની વાવ વિધાનસભા બેઠક ઉપર પેટા ચુંટણીમાં જીત્યા બાદ તરત જ મંત્રી મંડળમાં સ્થાન આપવામાં આવ્યુ છે.

ભુપેન્દ્ર પટેલની સરકારે ૨૬ મંત્રીઓની ઓફીસો અને સ્ટાફ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કર્યો હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે હવે આ કરોડો રૂપીયાના ખર્ચા કરાવી સરકાર ચલાવતા આ મંત્રીઓનુ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પાણી મપાઈ જશે. આ વખતે ભાજપને કોંગ્રેસની સાથે સાથે આમ આદમી પાર્ટીને પણ ટકકર આપી ચુંટણીઓ જીતવાની છે. સાથે સાથે સેમી વિધાનસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ધારાસભ્યોએ કરેલા કામોનો હિસાબ લેવાઈ જશે.

# સુરતમાં ભાજપ વિરૂધ્ધ પોસ્ટર લાગ્યા : પુણા અને કતારગામમાં પોસ્ટર લગાડવામાં આવતા પોલીસ ફરીયાદ નોંધાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સુરત શહેરમાં મહાનગરપાલિકા ની ચુંટણી નજીક છે ત્યારે કોઈએ ભાજપના વિરોધમાં પોસ્ટર લગાવતા રાજકીય માહોલ ગરમાયો છે. શહેરના જાહેર માર્ગો પર ભારતીય જનતા પાર્ટીની પ્રતિષ્ઠાને હાની પહોંચાડતા વિવાદાસ્પદ પોસ્ટરો લગાવતા અને પોસ્ટર પર પ્રિન્ટર કે પ્રકાશક તરીકે કોઈનુ નામ ન હોવાથી આ મામલે શહેરના પુણા અને કતારગામ પોલીસ મથકોમાં અલગ અલગ ફરીયાદો નોંધવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાની ચુંટણીઓ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ગઈ તારીખ ૨૮ અને ૨૯ માર્ચ ની રાત્રી દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ભાજપ વિરૂધ્ધ વાંધાજનક પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા. આ પોસ્ટરો પર પ્રિન્ટીંગ પ્રેસનુ નામ કે સરનામુ લખવામાં આવ્યુ ન હતું. જે કાયદાકીય રીતે ગૂન્હો બને છે. પક્ષની છબી ખરડવાના ઈરાદે કરાયેલા આ કૃત્ય બાદ ભાજપના કાર્યકર્તાઓ અને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. આ મામલે પુણા પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ મુજબ શહેરના સીતાનગર ચાર રસ્તા ઓવરબ્રિજના થાંભલાઓ અને પુણા ગામ મંડળી પાસે ખોટી હકીકતો ધરાવતા પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા. મુખ્ય આરોપી વિશાલ ભીખાભાઈ ચાવડા અને અન્ય બે થી ત્રણ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૬(૪), ૫૪ અને પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન બુકસ એકટની કલમ ૩ અને ૧૨ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત કતારગામ વિસ્તારમાં પણ સમાન પ્રકારે બદનામ કરવાના ઈરાદે પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા. ડભોલી ચાર રસ્તા, લલીતા ચોકડી ગાર્ડન અને આંબા તલાવડી પાટીદાર સમાજની વાડી ની દિવાલ જેવા વ્યસ્ત વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. મુખ્ય આરોપીઓ દેવશીભાઈ પોપટભાઈ ઠેબરીયા અને ચીરાગ નાવડીયા અને અન્ય બે થી ત્રણ અજાણ્યા ઈસમોની મીલીભગતથી આ પોસ્ટરો છાપીને લગાડવામાં આવ્યા હોવાનુ ફરીયાદમાં જણાવાયુ છે.

# અપ્રમાણસર મિલકત કેસમાં આવકવેરા અધિકારીની પત્નીને બે વર્ષની જેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

ગાંધીનગરની સ્પેશિયલ CBI કોર્ટે અપ્રમાણસર મિલકત ધરાવવાના 17 વર્ષ જૂના એક મહત્ત્વપૂર્ણ કેસમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે ગાંધીનગરના તત્કાલિન અધિક આવકવેરા કમિશનરના પત્ની જશોદાબેન વડાદિયાને દોષી ઠેરવી બે વર્ષની કેદ અને રૂપિયા ૨૦ હજારના દંડની સજા ફટકારી છે. જ્યારે આવકવેરા અધિકારીનું મૃત્યુ થતા કેસ પડતો મૂકાયો છે. ગાંધીનગર CBIએ ૩૦ જૂન, ૨૦૦૭ના રોજ તત્કાલિન આવકવેરા અધિકારી રમેશભાઈ ફૂલચંદ વડાદિયા વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ૧ જાન્યુઆરી, ૨૦૦૨થી ૩૦ એપ્રિલ, ૨૦૦૭ દરમિયાન આ મિલકતો વસાવવામાં આવી હતી. શરૂઆતમાં રૂપિયા ૨૯.૪૯ લાખની વધુ આવક જણાઈ હતી, જે તેમના જાણીતા સ્રોતો કરતા ૨૪૭ % વધુ હતી. CBIએ ૨૪ ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ રમેશભાઈ અને તેમના પત્ની જશોદાબેન સામે રૂપિયા ૨૫.૪૬ લાખની વધારાની સંપત્તિ (૧૩૩.૯૮%) બદલ ચાર્જશીટ દાખલ કરી હતી.આ કેસની કાયદેસરની કાર્યવાહી અને ટ્રાયલ ચાલી રહી હતી તે દરમિયાન મુખ્ય આરોપી રમેશભાઈ વડાદિયાનું અવસાન થયું હતું. કાયદાકીય જોગવાઈ મુજબ તેમના મૃત્યુને કારણે તેમની સામેનો કેસ પડતો મૂકવામાં આવ્યો હતો. જોકે, તેમની પત્ની જશોદાબેન સામે 'ખાનગી વ્યક્તિ' તરીકે મિલકતો રાખવા બદલ કેસ ચાલુ રહ્યો હતો. CBI કોર્ટે પુરાવાઓ અને દલીલોને ગ્રાહ્ય રાખી ઠેરવ્યું હતું કે, જશોદાબેન વડાદિયા આ ગુનામાં સહભાગી હતા. કોર્ટે જશોદાબેનને બે વર્ષની સખત કેદ અને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

# પાટડીના બજાણા પાસે એસ.ટી. બસ અને ટ્રેઈલર વચ્ચે અકસ્માતઃ ૩ મુસાફરો સહિત ચાલકોને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

ઝાલવાડ પંથકમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના બજાણા ગામ પાસે એક એસ.ટી. બસ અને ટ્રેઈલર વચ્ચે જોરદાર ટક્કર સર્જાઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર ૩ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી વિગતો મુજબ, બજાણા ગામ પાસે આવેલા એક જોખમી વળાંક પર એસ.ટી. બસ અને પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રેઈલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બન્ને વાહનોના ચાલકોને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ બજાણા પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો.